અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૭ ડિસેમ્બર ૨૦૨૪, શનિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, માગશર સુદ ૬ | અંક : ૧૫૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ડો. બાબાસાહેબ આંબેડકરની પુણ્યતિથિ પર પીએમ મોદી અને ખડગે સહિતના દિગ્ગજોએ પાઠવી શ્રદ્ધાંજલિ

### સામાજિક ન્યાય, શિક્ષણ અને સમાનતાના ક્ષેત્રમાં તેમણે જે ક્રાંતિ શરૂ કરી છે તે હંમેશા પ્રાસંગિક રહેશે





। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

સંસદ ભવનના પરિસરમાં શુક્રવારે ૬૯મા મહાપરિનિર્વાણ દિવસના અવસરે ડૉ. બાબાસાહેબ આંબેડકરને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, લોકસભા સ્પીકર ઓમ બિરલા અને વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ શ્રદ્ધાંજલિ આપી હતી. આ દરમિયાન વડાપ્રધાન મોદી અને કોંગ્રેસ અધ્યક્ષ ખડગેએ એકબીજાને અનોખા અંદાજમાં આવકાર્યા હતા. બંનેએ એકબીજા સાથે હાથ મિલાવ્યા અને જોર જોરથી હસતા જોવા મળ્યા હતા. બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની આજે પુણ્યતિથિ રહેલી છે. તેમની યાદમાં આજના દિવસને મહાપરિનિર્વાણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ભીમરાવ આંબેડકરનો વારસો આજે પણ સમગ્ર દેશમાં પ્રેરણાનો સ્ત્રોત છે. સામાજિક ન્યાય, શિક્ષણ અને સમાનતાના ક્ષેત્રમાં તેમણે જે ક્રાંતિ શરૂ કરી છે તે હંમેશા પ્રાસંગિક રહેશે. તેમના વિચારો અને યોગદાન વંચિતોના સશક્તિકરણમાં સીમાચિહ્નરૂપ સાબિત થયા. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, જ્યારે દેશ ડૉ. બાબાસાહેબ આંબેડકરના યોગદાનને યાદ કરે છે, ત્યારે તેઓ ફરી એકવાર તેમના વિઝનને સાકાર કરવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરે છે. મહાપરિનિર્વાણ દિવસ પર, અમે આપણા બંધારણના નિર્માતા અને સામાજિક ન્યાયના પ્રતિક એવા ડૉ. બાબાસાહેબ આંબેડકરને નમન કરીએ છીએ, જય ભીમ'.

ડૉ. ભીમરાવ આંબેડકરનો જન્મ ૧૪ એપ્રિલ ૧૮૯૧ના રોજ મધ્ય પ્રદેશના મહુમાં થયો હતો. તેઓ મહાર જાતિના હતા, જે તે સમયે અસ્પૃશ્ય ગણાતા હતા. આંબેડકરે તેમના જીવનના શરૂઆતના દિવસોમાં જાતિગત ભેદભાવ અને સામાજિક અસમાનતાનો સામનો કર્યો હતો. પરંતુ તેમના પિતા રામજી માલોજી સકપાલે તેમને શિક્ષણ તરફ પ્રેરિત કર્યા. આંબેડકરે તેમના શિક્ષણ દ્વારા સમાજમાં પરિવર્તન લાવવાનું નક્કી કર્યું. તેઓ મુંબઈની એલ્ફિન્સ્ટન કોલેજમાંથી સ્નાતક થયા અને બાદમાં કોલંબિયા યુનિવર્સિટી અને લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાંથી ઉચ્ચ શિક્ષણ મેળવ્યું. તેમણે કાયદા અને અર્થશાસ્ત્રમાં ડોક્ટરેટ ડિગ્રી મેળવી. તેમના શિક્ષણે તેમને માત્ર એક કુશળ વિદ્વાન જ નહીં પણ એક સમાજ સુધારક બનવાની પ્રેરણા આપી. ડૉ. આંબેડકરે ભારતીય રાજકારણમાં પ્રવેશ કર્યો અને દલિત સમુદાયના અધિકારો માટે લડ્યા. ૧૯૩૦ના દાયકામાં, તેમણે પૂના કરાર દ્વારા દલિતો માટે અલગ મતદાર મંડળની માંગ કરી. તેઓ ભારતીય સમાજમાં સમાનતા અને ન્યાયના પ્રબળ સમર્થક હતા. તેમના પ્રયાસોને કારણે ભારતમાં દલિતોના અધિકારોને બંધારણીય રક્ષણ મળ્યું. ૧૯૪૭માં ભારત સ્વતંત્ર થયા પછી, આંબેડકરને બંધારણ સભાના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. તેમણે ભારતનું બંધારણ ઘડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેમનું બંધારણ વિશ્વની સૌથી મોટી લોકશાહી માટે પાયાનો પથ્થર બની ગયું. જેમાં તમામ નાગરિકોને સમાનતા, સ્વતંત્રતા અને ન્યાયનો અધિકાર સુનિશ્ચિત કરવામાં આવ્યો હતો.

### રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા રેપો રેટ અંગે મોટો નિર્ણય લીધો

## રેપો રેટને ફરી એકવાર ૬.૫૦ ટકા પર યથાવત્ રાખવાનો નિર્ણય

**મોનેટરી પોલિસીની બેઠકમાં ૪:૨ના બહુમતથી નિર્ણય : જેનાથી એવું કહેવાય છે કે હોમ લોનના ઈએમઆઈ પર કોઈ ફેર નહીં પડે, કોઈ રાહત પણ નહીં**



। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા રેપો રેટ અંગે મોટો નિર્ણય લીધો છે. હાલમાં આરબીઆઈનો રેપો રેટ ૬.૫૦ ટકા પર યથાવત્ હતો. જેમાં હવે કોઈ ફેરફાર ન કરતાં ૪:૨ના બહુમતથી રેપો રેટને ફરી એકવાર ૬.૫૦ ટકા પર યથાવત્ રાખવાનો નિર્ણય લેવાયો હતો. જેનાથી એવું કહેવાય છે કે તમારા હોમ લોનના ઈએમઆઈ પર કોઈ ફેર નહીં પડે. કોઈ રાહત પણ નહીં મળે.

અમુક અર્થશાસ્ત્રીઓ એવી આશા રાખીને બેઠા હતા કે આરબીઆઈ મોનિટરી પોલિસી કમિટીની બેઠકમાં રાહત આપી શકે છે. બીજી બાજુ ઉલ્લેખનીય છે કે આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસ મોનેટરી પોલિસી બેઠકનું નેતૃત્વ છેલ્લી વખત કરી રહ્યા છે. તેમનો કાર્યકાળ ૧૦ ડિસેમ્બરે ખતમ થઈ રહ્યો છે. આ વખતે ચર્ચા છે કે તેમનો કાર્યકાળ આગળ વધારવામાં આવી શકે છે.

મોનેટરી પોલિસી કમિટીએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં મજબૂત જીડીપી ગ્રોથ જાળવી રાખવાના ઉદ્દેશ સાથે કેશ રિઝર્વ રેશિયોમાં ૫૦ બેઝિસ પોઈન્ટ (૦.૫૦ ટકા)નો ઘટાડો કર્યો છે. ઈકરાના ચીફ ઈકોનોમિસ્ટ અદિતી નાયરે જણાવ્યં હતું કે, 'ડિસેમ્બર, ૨૦૨૪માં સીપીઆઈ ફુગાવો ૫ ટકાના દરમાં કે તેનાથી ઓછો નોંધાય તો ફેબ્રુઆરી, ૨૦૨૫માં રેપો રેટમાં ઘટાડો થઈ શકે છે. આરબીઆઈ ફુગાવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. વૈશ્વિક સ્તરે માગ નબળી પડી છે, દેશનો જીડીપી ગ્રોથ પણ ઘટ્યો છે. જે દેશના અર્થતંત્ર માટે ચિંતાનો વિષય છે.' કેશ રિઝર્વ રેશિયો ઘટાડી ૪ ટકા કરવામાં આવતાં દેશની નાણાકીય સિસ્ટમાં રૂ. ૧.૦૬ લાખ કરોડની લિક્વિડિટી ઉમેરાવાનો આશાવાદ માર્કેટ નિષ્ણાતે આપ્યો છે. જે પ્રોજેક્ટ ફંડિંગ અને ગ્રોથને વેગ આપશે. મોટાભાગની બેન્કોના ટ્રેઝરી બોન્ડ પોર્ટફોલિયોનો નફો વધશે.

### નવમી વખત અંડર ૧૯ એશિયા કપના ફાઈનલમાં પહોંચ્યું ભારત



। હિમાચલ શારજાહ, તા.૬ ।

ભારત અંડર-૧૯ એશિયા કપ ૨૦૨૪ની ફાઈનલમાં પહોંચ્યું છે. સેમિ ફાઈનલ મેચમાં ભારતે શ્રીલંકાને સાત વિકેટે હરાવ્યું હતું. શારજાહમાં રમાયેલી આ મેચમાં ભારતીય ટીમને જીતવા માટે ૧૭૪ રનનો ટાર્ગેટ મળ્યો હતો. ઓપનર વૈભવ સૂર્યવંશીની તોફાની બેટિંગ કરી ૩૬ બોલમાં ૬૭ રનની ઈનિંગ રમી હતી. જેમાં છ ચોગ્ગા અને પાંચ છગ્ગા સામેલ હતા. ભારતે ૧૭૦ બોલ બાકી રહેતા સેમિ ફાઈનલ મેચ જીતી લીધી હતી. અંડર ૧૯ એશિયા કપના નોકઆઉટ રાઉન્ડમાં આ સૌથી મોટી જીત છે. આ સેમિ ફાઈનલ મેચ જીતીને ભારતીય ટીમ નવમી વખત અંડર ૧૯ એશિયા કપના ફાઈનલમાં પહોંચી છે. ભારત અત્યાર સુધીમાં આઠ વખત આ ખિતાબ જીતી ચુક્યું છે.

## જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા માંગ



। (એજન્સી) જમ્મુ, તા.૬ ।

ઉત્તર પ્રદેશના સંભલમાં મસ્જિદના સર્વેક્ષણ અને ત્યારબાદની ઘટનાને લઈને પ્રતિક્રિયાઓનો સિલસિલો ચાલુ છે. આ એપિસોડમાં જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાનું નિવેદન સામે આવ્યું છે. ઓમર અબ્દુલ્લાએ ગુરુવારે કહ્યું હતું કે ભારતમાં મુસ્લિમો અત્યાચારનો સામનો કરી રહ્યા છે અને આ હવે તે ભારત નથી રહ્યું જેની તેના સ્થાપકોએ કલ્પના કરી હતી અથવા જમ્મુ અને કાશ્મીરે તેનો ભાગ બનવાનું પસંદ કર્યું હતું. સાઉદી અરેબિયાથી ઉમરાહ કરીને પરત ફરેલા ઓમર અબ્દુલ્લાએ ગુરુવારે પહેલીવાર મીડિયાને સંબોધિત કર્યું. આ દરમિયાન તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ હવે ચૂંટણી બાદ આઝાદ છે. આવી સ્થિતિમાં, તેઓએ હવે જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાની માંગ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તેમણે કહ્યું કે નેશનલ કોન્ફરન્સના મેનિફેસ્ટોમાં જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપવાની માંગને પ્રાથમિકતા આપવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, દેશની હિન્દુત્વ ઈકો સીસ્ટમ પર કોઈપણ જાતના સંયમ વિના પ્રહારો થઈ રહ્યા છે, જેનાથી શંકા ઉપજી છે કે શું ભારત ધર્મનિરપેક્ષ દેશ રહેશે? તેમણે કહ્યું કે ભાજપ સુનિયોજિત રણનીતિના ભાગરૂપે મુસ્લિમોને નિશાન બનાવી રહી છે. આ અંતર્ગત મદરેસાઓ, કબરો અને મસ્જિદોને નિશાન બનાવવામાં આવી રહી છે. ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે ભાજપ મુસ્લિમ તુષ્ટિકરણની વાત નથી કરતી. પરંતુ મુસ્લિમોને ખુશ ન કરવાનો અર્થ એ નથી કે તેણે તેમના પર હુમલો કરવો જોઈએ.

નેશનલ કોન્ફરન્સના નેતાએ કહ્યું, "મસ્જિદો, દરગાહ અને ધર્મ પાળવાની અમારી રીત પર જઈને તમે અમારો શિકાર કરી રહ્યા છો. આ તે ભારત નથી કે જેનો ભાગ બનવા માટે જમ્મુ અને કાશ્મીર પસંદ કર્યું હતું." ઓમર અબ્દુલ્લાનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે થોડા દિવસો પહેલા રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફ્તીએ લઘુમતીઓ સાથેના વ્યવહારના મામલે ભારત અને બાંગ્લાદેશની તુલના કરી હતી, જેના પર ભાજપે નારાજગી વ્યક્ત કરી હતી.

### બાંગ્લાદેશની અવળચંડાઇ, સરહદ પર તૈનાત કર્યાં ડ્રોન

। ઢાકા, તા.૬ ।

બાંગ્લાદેશમાં હિન્દુઓની સાથે જે પ્રકારે હિંસા થઈ રહી છે, તેના પર ભારતીયો ખૂબ જ રોષે ભરાયા છે. ભારત સરકારે વારંવાર આ ઘટનાઓ પર વિરોધ નોંધાવી મોહમ્મદ યૂનુસ સરકારની સામે પોતાની નારાજગી પણ વ્યક્ત કરી છે. ત્યાર બાદથી જાણે બંને દેશો વચ્ચે તણાવ વધી ગયો છે. બાંગ્લાદેશે ભારત સાથેના સંબંધને સુધારવાની બદલે એક નવો જ અખતરો કર્યો છે. બાંગ્લાદેશે પશ્ચિમ બંગાળમાં ચિકન નેક એરિયાની પાસે ટર્કિશ ડ્રોન તૈનાત કરી દીધા છે.

### યુનુસ સરકારનો મોટો નિર્ણય

## બાંગ્લાદેશની ચલણી નોટો પરથી 'બંગ બંધુ'ની તસવીર હટાવાશે

**નવી નોટોમાં ધાર્મિક સંરચના, બંગાળી પરંપરાઓ અને જુલાઈ ચળવળ દરમિયાન બનાવવામાં આવેલી 'ગ્રેફિટી'નો સમાવેશ થશે**

। (એજન્સી) ઢાકા, તા.૬ ।

વડાપ્રધાન પદેથી શેખ હસીનાની હકાલપટ્ટી બાદથી બાંગ્લાદેશમાં સ્થિતિ દરરોજ વણસતી જઈ રહી છે. આ દરમિયાન બાંગ્લાદેશે તેની ચલણી નોટોમાંથી બાંગ્લાદેશના પૂર્વ રાષ્ટ્રપતિ અને સંસ્થાપક તથા બંગ બંધુ તરીકે જાણીતા મુજીબુર રહેમાનની તસવીર હટાવવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. માહિતી મુજબ બાંગ્લાદેશ બેંકમાં નવી નોટો છાપવામાં આવી રહી છે, જેમાં આ વર્ષે જુલાઈ મહિનામાં થયેલા વિદ્યાર્થીઓના આંદોલનની ઝલક સામેલ કરવામાં આવશે. તમને જણાવી દઈએ કે આ આંદોલને શેખ હસીનાને દેશ છોડવાની ફરજ પાડી હતી. ત્યારપછી મોહમ્મદ નવી નોટોમાં ધાર્મિક સંરચના, બંગાળી પરંપરાઓ અને જુલાઈ ચળવળ દરમિયાન બનાવવામાં આવેલી 'ગ્રેફિટી'નો સમાવેશ થશે.

## સુપ્રીમે આપ્યો ચુકાદો : પિતા દલિત, માતાની જાતિ અલગ હોય તો શું બાળકને SC અનામતનો લાભ મળે?

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

સુપ્રીમ કોર્ટે બંધારણની કલમ ૧૪૨ હેઠળ પોતાના વિશેષાધિકારનો ઉપયોગ કરીને ગુરુવારે મોટો નિર્ણય સંભળાવ્યો છે. દેશની સર્વોચ્ચ અદાલતે એક દલિત પુરુષ અને બિન-દલિત મહિલાના લગ્નને રદ કરી દીધા છે. કોર્ટે એ પણ આદેશ આપ્યો છે કે પતિ છેલ્લા ૭ વર્ષથી માતા સાથે રહેતા તેના સગીર બાળકો માટે અનુસૂચિત જાતિ (SC) પ્રમાણપત્રો મેળવે. જસ્ટિસ સૂર્યકાંત અને ઉજ્જલ ભુયાની બેન્ચે જુહી પોરિયા (અગાઉ જાવલકર) અને પ્રદીપ પોરિયાને છૂટાછેડા આપતાં કહ્યું હતું કે બિન-દલિત મહિલા લગ્ન દ્વારા અનુસૂચિત જાતિમાં જોડાઈ શકે નહીં. જો કે, દલિત પુરુષોથી જન્મેલા તેમના બાળકોને અનુસૂચિત જાતિનો દરજ્જો મળશે. ૨૦૧૮ ના ચુકાદાને પુનરાવર્તિત કરતા, કોર્ટે કહ્યું, જાતિ જન્મથી નક્કી થાય છે અને લગ્ન દ્વારા જાતિ બદલી શકાતી નથી. માત્ર એ હકીકતને કારણે કે મહિલાનો પતિ અનુસૂચિત જાતિ સમુદાયનો છે, તેને અનુસૂચિત જાતિનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું ન હતું. આ કેસમાં તેમના ૧૧ વર્ષના પુત્ર અને ૭ વર્ષની પુત્રી બંનેને SC જાતિ પ્રમાણપત્ર મેળવવાનો અધિકાર આપવામાં આવ્યો છે. મહત્વનું છે કે આ બંને છેલ્લા ૬ વર્ષથી તેમની બિન-દલિત માતા સાથે રાયપુરમાં તેમના દાદા-દાદીના ઘરે રહે છે. કોર્ટે કહ્યું કે માતા-પિતાના છૂટાછેડા પછી પણ અનુસૂચિત જાતિના બાળકોને સરકારી શિક્ષણ અને રોજગારનો લાભ મળવાનો અધિકાર રહેશે. સુપ્રીમ કોર્ટે પતિને છ મહિનાની અંદર બાળકો માટે અનુસૂચિત જાતિ પ્રમાણપત્ર મેળવવાનો આદેશ આપ્યો હતો. વધુમાં, પતિને બાળકોના શિક્ષણ માટેના તમામ ખર્ચ (પોસ્ટ-ગ્રેજ્યુએશન સુધી), જેમ કે એડમિશન ફી, ટ્યુશન ફી અને રહેઠાણનો ખર્ચ ઉઠાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. પતિએ પત્ની અને બાળકોના જીવનભર ભરણપોષણ તરીકે ૪૨ લાખ રૂપિયાની એકસામટી ચુકવણી કરી છે. આ સિવાય કોર્ટે રાયપુરમાં પતિનો એક જમીનનો પ્લોટ પત્નીને સોંપવાનો પણ આદેશ આપ્યો હતો.

## રાજ્યસભામાં કોંગ્રેસના સાંસદની સીટ નીચેથી નોટોનું બંડલ મળ્યું



। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

શુક્રવારના દિવસે રાજ્યસભામાં ભારે હોબાળો થઈ ગયો. કોંગ્રેસ સાંસદ અભિષેક મનુ સિંઘવીની સીટ પર ૫૦૦ રૂપિયાની નોટોનું બંડલ મળવાથી ભાજપે ખૂબ હોબાળો કર્યો.

ભાજપે તેને ગંભીર મામલો ગણાવ્યો અને આખા મામલાની ઉચ્ચ સ્તરીય તપાસની માગ કરી છે. કોંગ્રેસે આરોપ સાબિત થતાં પહેલાં જ સાંસદનું નામ સાર્વજનિક કરવા પર વાંધો ઉઠાવ્યો.

સંસદના શિયાળુ સત્રનો આજે ૯મો દિવસ છે. શુક્રવાર સવારે જેવી સદનની શરૂઆત થઈ તો રાજ્યસભાના સભાપતિ જગદીપ ધનખડે કહ્યું કે, ''કાલે જ્યારે સુરક્ષા કર્મચારી નિયમિત તપાસ કરી રહ્યા હતા તો તેમને સીટ નંબર ૨૨૨ પર ૫૦૦ રૂપિયાની નોટોનું બંડલ મળ્યું. આ સીટ કોંગ્રેસ સાંસદ અભિષેક મનુ સિંઘવીને ફાળવવામાં આવેલી છે.'' ધનખડે આગળ કહ્યું કે, ''પરંપરા અનુસાર, તપાસના આદેશ આપી દીધા છે. આ સ્પષ્ટ નથી કે કરન્સી નોટ અસલી હતી કે નકલી.

બંડલમાં ૫૦૦ રૂપિયાની નોટ છે. આ મારુ કર્તવ્ય હતું અને હું સદનને સૂચના આપવા માટે બાધ્ય છું. આ એક નિયમિત તપાસ છે, જે રોજ થાય છે.'' તેમણે કહ્યું કે, ''અમને આશા છે કે કોઈ કરન્સી નોટ પર દાવો કરશે, પણ હજુ સુધી કોઈએ દાવો કર્યો નથી.'' તેમણે આગળ કહ્યું કે, ''શું લોકો આ રીતે નોટોના બંડલ ભૂલી શકે ખરા?''

ત્યાર બાદ સદનમાં હોબાળો થયો અને સત્તા પક્ષ અને વિપક્ષ વચ્ચે આરોપ-પ્રત્યારોપ શરૂ થઈ ગયા. વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, ''સભાપતિને તપાસ પૂરી થયા વિના સભ્યનું નામ ન બતાવવું જોઈએ.'' તો વળી સદનના નેતા જેપી નડ્ડાએ વિપક્ષ પર આરોપ લગાવ્યો કે, ''તેઓ અમુક મુદ્દા પર ઉત્સુકતા બતાવી રહ્યા છે. જ્યારે અન્ય મુદ્દા પર પડદો નાખવા માગે છે.''

## સંસદમાં પહેલાં પણ મળી ચૂક્યા છે નોટોના બંડલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

શિયાળુ સત્રના ૧૦મા દિવસે રાજ્યસભાની સીટ નંબર ૨૨૨ પાસે નોટોનું બંડલ જોવા મળ્યું હતું. આ સીટ કોંગ્રેસના રાજ્યસભા સાંસદ અભિષેક મનુ સિંઘવીની છે. જો કે અભિષેક મનુ સિંઘવીએ આ સમગ્ર મામલાથી પોતાને દૂર રાખ્યા છે. સિંઘવી કહે છે કે હું ૫૦૦ રૂપિયાથી વધુ સંસદમાં લઈ જતો નથી. રાજ્યસભાના અધ્યક્ષે કહ્યું છે કે સમગ્ર મામલાની તપાસ કરવામાં આવશે. જો કે આ પહેલીવાર નથી જ્યારે સંસદમાં ચલણી નોટોના મુદ્દે હોબાળો થયો હોય. આ પહેલાં પણ બે વખત ભારતની સંસદ ચલણી નોટોના કારણે ચર્ચામાં રહી છે.

પહેલી ઘટના વર્ષ ૧૯૯૩ની છે. નરસિમ્હા રાવની સરકાર કેન્દ્રમાં સત્તામાં હતી, પરંતુ સરકાર પાસે સંપૂર્ણ બહુમતી નહોતી. બાબરી ધ્વંસ બાદ નરિમ્હા રાવ પણ પાર્ટીના નેતાઓના નિશાના પર હતા. રાવ અને અર્જુન સિંહ વચ્ચેના મતભેદના સમાચાર દરરોજ અખબારોમાં પ્રકાશિત થતા હતા. દરમિયાન ભાજપે રાવ સરકાર સામે અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસ આપી હતી. પાર્ટીએ કહ્યું કે સરકાર હવે લઘુમતીમાં છે. આ અવિશ્વાસ પ્રસ્તાવ પર ૩ દિવસ સુધી ભારે ચર્ચા ચાલી અને જ્યારે મતદાનનો સમય આવ્યો ત્યારે બધા ચોંકી ગયા. નરિશ્મા રાવને તે સમયે માત્ર ૨૪૪ સાંસદોનું સમર્થન હતું, પરંતુ તેમને ૨૬૫ મત મળ્યા હતા. અવિશ્વાસ પ્રસ્તાવ સમયે વિપક્ષ માત્ર ૨૫૧ વોટ મેળવી શક્યો અને રાવની સરકાર બચી ગઈ. ૧૯૯૬માં ઝારખંડ મુક્તિ મોરચાના સાંસદ સૂરજ મંડલે એક ઘટસ્ફોટ કર્યો હતો. મંડલના કહેવા પ્રમાણે, ૧૯૯૩માં નાણાંની વહેંચણીને કારણે રાવની સરકાર બચી ગઈ હતી. મંડલે કહ્યું કે સરકારને બચાવવા માટે દરેક સાંસદને ૪૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા. એવું કહેવાય છે કે રોકડ કૌભાંડની આ સમગ્ર સ્ક્રિપ્ટ બુટા સિંહ દ્વારા લખવામાં આવી હતી, જે રાવની સરકારમાં શક્તિશાળી મંત્રી હતા. જેએમએમ વતી મંડલ આ ડીલ જોઈ રહ્યો હતો. ૧૯૯૩માં જેએમએમની સાથે ચૌધરી અજીત સિંહની પાર્ટી પણ તૂટી ગઈ હતી. આ મામલામાં સીબીઆઈ દ્વારા દાખલ કરવામાં આવેલા સોગંદનામામાં કહેવામાં આવ્યું હતું કે આ નાણાં રોકડમાં મળ્યા હતા અને જેએમએમના સાંસદોએ સ્થાનિક સ્તરે વ્યાજ પર આ નાણાંનું રોકાણ કર્યું હતું. બાદમાં આ મામલો સુપ્રીમ કોર્ટમાં ગયો હતો, પરંતુ આ કેસના તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. ૨૦૦૮માં મનમોહન સિંહની સરકારે અમેરિકા સાથે પરમાણુ કરાર કર્યો હતો. સીપીએમે આ સમજૂતી સામે સરકાર પાસેથી સમર્થન પાછું ખેંચી લીધું હતું, જેના પછી તરત જ ભાજપે અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસ આપી હતી. સંસદમાં આ અવિશ્વાસ પ્રસ્તાવ પર ઘણી ચર્ચા થઈ હતી, પરંતુ જ્યારે મતદાનનો વારો આવ્યો ત્યારે ભાજપના ૩ સાંસદોએ નોટો લહેરાવી હતી. આ નોટો તત્કાલિન લોકસભા સ્પીકર સોમનાથ ચેટરજીના ટેબલ પર લહેરાવવામાં આવી હતી. નોટો લહેરાવનારા ભાજપના સાંસદોમાં અશોક અર્ગલ, ફાગન કુલસ્તે અને મહાવીર ભગૌરા હતા.

# અમદાવાદ જિલ્લાના વિરમગામ ખાતે 'રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪'નો વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલે શુભારંભ કરાવ્યો

। અમદાવાદ, તા.૬ ।

ગુજરાતના ખેડૂતોને પ્રવર્તમાન સમયને અનુરૂપ કૃષિ પદ્ધતિઓ, ટેકનોલોજી અને નવતર અભિગમોથી પરિચિત કરાવવાના આશય સાથે રાજ્ય સરકાર દ્વારા રાજ્યવ્યાપી રવી કૃષિ મહોત્સવ-૨૦૨૪'નું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે અમદાવાદ જિલ્લાના વિરમગામ ખાતે બે દિવસીય તાલુકા કક્ષાના 'રવિ કૃષિ મહોત્સવ'ને વિરમગામના ધારાસભ્ય શ્રી હાર્દિક પટેલે ખુલ્લો મૂક્યો હતો. તા. ૭મી સુધી ખેડૂતો મહોત્સવની મુલાકાત લઈ શકશે. આ પ્રસંગે વિરમગામના ધારાસભ્ય શ્રી હાર્દિક પટેલે જણાવ્યું હતું કે, બે દાયકા પહેલા મહદ અંશે એક પાક લેવામાં આવતો હતો, પરંપરાગત અને નીચા મૂલ્યો વાળા પાક લેવામાં આવતા હતા પરંતુ ભાજપ સરકારની કૃષિ નીતિના કારણે ખેડૂતો અધિક મૂલ્યોના પાકો તરફ વળ્યા છે.

તેમણે વધુમાં કહ્યું કે, આ વર્ષે ભારે વરસાદના કારણે અનેક ખેડૂતોને પાકનું નુકસાન થયું હતું પરંતુ ભાજપ સરકારે ત્વરિત નિર્ણય કરીને ગુજરાત સહિત વિરમગામ વિધાનસભાના લાખો ખેડૂતોને વળતર આપવામાં આવ્યું છે. વિરમગામ વિધાનસભાના ૩૨,૨૭૩ ખેડૂતોને રૂપિયા ૩૫૦૦થી લઈને ૪૫,૦૦૦ સુધીનું પાક વળતર મળ્યું છે, જેના કારણે નાના ખેડૂતોને રાહત થઈ છે. વિરમગામ વિધાનસભામાં કુલ રૂ. ૬૧ કરોડનું પાક નુકસાનીનું વળતર આપવામાં આવ્યું છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

વિરમગામ ખાતે આયોજિત રવી કૃષિ મહોત્સવમાં ધારાસભ્યશ્રી હાર્દિક પટેલના હસ્તે લાભાર્થી ખેડૂતોને ચેક અને પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને બનાસકાંઠા જિલ્લાની દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતેથી રાજ્ય કક્ષાના રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪નું સૌએ લાઈવ પ્રસારણ નિહાળ્યું હતું.





## રાજપીપલા સરદાર ટાઉન હોલ ખાતે યોજાયેલ રવી કૃષિ મહોત્સવ કાર્યક્રમમાં નાંદોદ ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખની વિશેષ ઉપસ્થિત

। રાજપીપળા, તા.૬ ।

નર્મદા જિલ્લાના ખેડૂતોને રવિ સિઝનમાં રવિ પાકો વિશે આધુનિક અને પ્રાકૃતિક કૃષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન કૃષિ પરિસંવાદ અને કૃષિ પ્રદર્શન સાથે ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગેની માહિતી પૂરું પાડવાના હેતુ સાથે આજરોજ રાજપીપલા સરદાર ટાઉન હોલ ખાતે નાંદોદ ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખના અધ્યક્ષતામાં 'રવિ કૃષિ મહોત્સવ ૨૦૨૪' નો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખે જણાવ્યું હતું કે, ગુજરાતમાં રાજ્યકક્ષાનો કાર્યક્રમ સહિત સમગ્ર જિલ્લાના ૨૪૮ તાલુકાઓમાં રવિ કૃષિ મહોત્સવ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો છે જેનો મુખ્ય ઉદેશ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધે અને જીવનની ગુણવત્તામાં સુધારો લાવી ખેતી વિષયક માર્ગદર્શન મેળવી ખેતીમાં ઉપયોગી માહિતી વૈજ્ઞાનિકો દ્વારા કરાયેલી ભલામણો ખેતરમાં અપનાવે. વર્ષોથી બાપ-દાદાઓ પ્રાકૃતિક છાણીયા ખાતરથી ખેતી કરતા આવ્યા જે આપણે ભૂલીથી રાસાયણિક ખેતી તરફ આગળ વધ્યા છે. જેનાથી જમીન રહેલા પોષકતત્વો નાશ પામ્યા છે. જેને ફરીથી જીવંત કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ફરીથી ખેડૂતોને પ્રાકૃતિક ખેતી માટે પ્રોત્સાહિત કર્યા છે, અને આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ ૨૦૨૩ મિલેટ્સ વર્ષ તરીકે ઉજવીને આ ખેતીને મહત્વ આપવામાં આવી રહ્યું છે. આવા પાકોના વાવેતર માટે મિલેટ્સને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યુ છે, અને તેના સારા ભાવ પણ મળે છે. સાથે સરકારશ્રી દ્વારા ખેતીલક્ષી અનેક વિધ યોજનાઓ અમલમાં મૂકી છે આ નવતર પ્રયોગ લાવીને ખેડૂતોને વિવિધ જિલ્લાઓમાં પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. સરકારશ્રી દ્વારા ખેડૂતો માટે કૃષિ યાંત્રિકરણ પ્રોત્સાહન, પર ડ્રોપ મોર ક્રોપ- સૂક્ષ્મ સિંચાઈ યોજના, આઇ-ખેડૂત પોર્ટલ, સ્માર્ટફોનની ખરીદ પર સહાય, કૃષિ ક્ષેત્રમાં અધ્યતન ડ્રોન ટેકનોલોજી- કૃષિ વિજ્ઞાનનો ઉપયોગ, ડિજિટલ ક્રોપ સર્વે, ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના, પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના, પીએમ પ્રણામ યોજના સહિતની યોજનાઓ લાભ મળી રહ્યો છે.

### ગુજરાત કેન્સર સોસાયટીની ગવર્નિંગ કાઉન્સિલ અને વાર્ષિક સાધારણ સભા યોજાઈ

## દુનિયાનું સૌથી મોટું સુખ નિરોગી શરીર છે, સારાં સ્વાસ્થ્ય થી મોટું કોઈ ધન નથી : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

**વિદ્યા કેન્દ્રો માટે સહયોગ આપવો અને પોતાના દાનનો સદુપયોગ કરવો એ બહુ મોટું પુણ્ય અને ધર્મનું કામ છે**

। અમદાવાદ, તા.૬ ।

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, પોતાનામાં પ્રતિકા પણું તો સૌ કોઈ જુએ છે, પરંતુ અન્યમાં પોતીકાપણ જુએ તે જ સૌથી મહાન છે, તેનું નામ જ માનવતા છે. જ્યારે, કોઈ વ્યક્તિ અન્ય દુઃખી વ્યક્તિની દવા બની જાય, તેનો સહારો બની તેના કષ્ટને પોતાના બનાવી તેના સુખ-દુઃખનો સાથી બને તેનાથી મોટો આત્માનો વિકાસ કોઈ જ નથી. આ સૌથી મોટો સેવા ભાવ છે. અમદાવાદની જી.સી.એસ. મેડિકલ કોલેજ ખાતે યોજાયેલ ગુજરાત કેન્સર સોસાયટીની ગવર્નિંગ કાઉન્સિલ અને વાર્ષિક સાધારણ સભાને સંબોધતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, ગુજરાત કેન્સર સોસાયટીની સમગ્ર ટીમ માનવતાની સેવા કરી રહી છે, આ કામ ખૂબ જ પ્રશંસનીય છે અને તમે બધા પ્રશંસાને



પાત્ર છો. કારણ કે દુનિયાનું સૌથી મોટું સુખ નિરોગી શરીર છે. સારાં સ્વાસ્થ્ય થી મોટું કોઈ ધન નથી. તમે ડોક્ટર્સ આવા રોગગ્રસ્ત લોકોને સ્વસ્થ બનાવવાનું કાર્ય કરો છો અને તમારી વિદ્યા દ્વારા અન્યને જીવન આપવાનું કાર્ય કરો છો. દર્દીઓની દયાભાવથી સેવા કરવાને તમે જે ઈશ્વરીય કાર્ય માનો છો, તે જ સાચો માનવ ધર્મ છે. અને તેને જ 'નર સેવા નારાયણ સેવા' કહી છે. રાજ્યપાલશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, જો આજે વિદ્યાના કોઈ કેન્દ્ર ન હોત, તો આટલા મોટા ડોક્ટર્સ પણ ના હોત. એટલે વિદ્યાનું દાન દુનિયાનું સૌથી શ્રેષ્ઠ દાન છે. દુનિયામાં જે વિકાસ આપણે જોઈએ છે અને જીવનને સુખદ રીતે જીવવાની જે સુવિધાઓ આપણને મળી છે, જીવનને સરળ અને સરસ બનાવવાની જે પરિકલ્પના થઈ છે, તે બધી જ શિક્ષિત લોકોના સહયોગનું પરિણામ છે. એટલે, વધુમાં વધુ શિક્ષાના કેન્દ્રો બને અને તેમાં જીસીએસ મેડિકલ કોલેજ અને રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ સ્વાસ્થ્યનું શિક્ષાનું કેન્દ્ર બને તેવી આશા વ્યક્ત કરી હતી. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ દાતાશ્રીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, જી.સી.એસ. કોલેજ જેવા વિદ્યા કેન્દ્રો માટે સહયોગ આપવો અને પોતાના દાનનો સદુપયોગ કરવો એ બહુ મોટું પુણ્ય અને ધર્મનું કામ છે.

### ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ

## એમ.કે. દાસની અધ્યક્ષતામાં "હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણ સ્થાપના દિન-૨૦૨૪" ની રાજ્ય કક્ષાની ઉજવણી

**હોમગાર્ડઝ દળ, નાગરિક સંરક્ષણ તંત્રના રમતવીર જવાનોને ટ્રોફી, કુલ-20 DG ડિસ્ક- મેડલ તેમજ માનદ્ પ્રમાણપત્ર પણ એનાયત થયાં**

। અમદાવાદ, તા.૬ ।

ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે.દાસની અધ્યક્ષતામાં "હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણ સ્થાપના દિન-૨૦૨૪" ની રાજ્ય કક્ષાની ઉજવણી અમદાવાદના હોમગાર્ડઝ ભવન ખાતે કરવામાં આવી હતી. હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણ સ્થાપના દિવસની શુભકામના પાઠવતા શ્રી એમ.કે.દાસે જણાવ્યુ કે, હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણના સભ્યો કુદરતી તેમજ માનવ સર્જિત આપત્તિના સમયે પોતાના જીવની પરવા કર્યા સિવાય પ્રજાજનોના જીવ બચાવવાની કામગીરી કરતા આવ્યા છે. સાંસ્કૃતિક કાર્યક્રમમાં મહિલા હોમગાર્ડઝ અને નાગરીક સંરક્ષણ દળની મહિલાઓ દ્વારા ગરબા તથા લોકનૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યા હતાં. ૬૦ થી ૭૦ ફુટ ઉંચા બિલ્ડિંગ પરથી રેસ્કયુ કરી લોકોના જીવ બચાવવાની કામગીરીનું નિદર્શન સિવિલ ડિફેન્સ જવાનોએ કર્યું હતું. શ્રી દાસે પરેડ તથા જવાનો દ્વારા પ્રસ્તુત વિવિધ નિદર્શનની સરાહના કરી હતી. આ પ્રસંગે ડાયરેક્ટર નાગરીક સંરક્ષણ અને કમાન્ડન્ટ જનરલ હોમગાર્ડઝ IPS શ્રી મનોજ અગ્રવાલે





સમાજની સુરક્ષા અને કલ્યાણ માટે કામ કરનારા વીર પુરુષો અને સ્ત્રીઓના શૌર્ય, નિસ્વાર્થ સેવાભાવ અને સહનશીલતાને બિરદાવ્યા હતાં.

તેમણે કહ્યું કે, હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણ દળ કેવળ એક સંગઠન નથી; પરંતુ એકતા અને સ્વૈચ્છિક સેવાનું પ્રતીક છે. કુદરતી આફતો વખતે પ્રતિસાદ આપવાનો હોય, આકસ્મિક પરિસ્થિતિઓ દરમિયાન લોકોની મદદ કરવાની હોય કે શાંતિ અને સલામતી જાળવવાની હોય, હોમગાર્ડ્ઝના અને સિવિલ ડિફેન્સના જવાનો જે સમર્પણ બતાવ્યું છે તે અનન્ય છે.

### 'વાંચે ગુજરાત' શીર્ષકને ચરિતાર્થ કરતો અમદાવાદ ઇન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ

## અમદાવાદ ઇન્ટરનેશનલ બુક ફેસ્ટિવલમાં એક જ દિવસમાં ૧૦થી વધુ શાળાના ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી

। અમદાવાદ, તા.૬ ।

કેન્દ્રીય શિક્ષણ વિભાગ અને નેશનલ બુક ટ્રસ્ટના સહયોગથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત અમદાવાદ બુક ફેસ્ટિવલને અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડી રહ્યો છે. જે અંતર્ગત આજે વિવિધ શાળાઓના લગભગ ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ આ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલની મુલાકાત લીધી હતી અને વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. શહેરની આશરે ૧૦ જેટલી શાળાઓના ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ આજે બુક ફેસ્ટિવલમાં ચાલી રહેલાં ગુજરાતી કવિતા સત્ર, મેથ વર્લ્ડ, લાયન ઓફ ધ ગીર સહિતના વિવિધ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. સાથે જ વિદ્યાર્થીઓએ બુક ફેસ્ટિવલમાં યોજાઈ રહેલા ફિલ્મ ફેસ્ટિવલ અંતર્ગત વિવિધ ફિલ્મોનો આનંદ માણ્યો હતો.

વિદ્યાર્થીઓએ પુસ્તકોના પ્રદર્શનમાં ભાગ લીધો હતો તેમજ આ પ્રસંગે બાળકોમાં વાંચન પ્રત્યેની રુચિ અને જિજ્ઞાસા વધારવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. શિક્ષકોએ પણ પુસ્તક મેળાના મહત્ત્વને ઉજાગર કરતા જણાવ્યું કે આ પ્રકારના કાર્યક્રમો બાળકોમાં શૈક્ષણિક વિકાસ અને સાહિત્ય પ્રત્યેના આકર્ષણમાં વધારો કરે છે. વિદ્યાર્થીઓએ તેમના મનગમતા વિષયોનાં પુસ્તકો પસંદ કર્યાં હતાં.

### જૂના ભાડુઆતે જ હુમલો કર્યો હોવાનું સામે આવતાં પોલીસે તપાસ શરૂ કરી

## ચાંદખેડામાં આધેડ મહિલા પર હુમલો, માથામાં ઇંટ મારી

**પોલીસ મથકેથી જાણવા મળતી મહિતી મુજબ અગાઉ થયેલી તકરારની અદાવતમાં મહિલા પર હુમલો કરવામાં આવ્યો હતો**

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

ચાંદખેડામાં એક જ મકાનમાં પતિથી અલગ રહેતી મહિલાના ઘરે આવીને જૂના ભાડુઆતે માથામાં ઈંટ મારી હોવાની ફરિયાદ મહિલાએ ચાંદખેડા પોલીસ મથકમાં નોંધાવી છે. પોલીસ મથકેથી જાણવા મળતી મહિતી મુજબ અગાઉ થયેલી તકરારની અદાવતમાં મહિલા પર હુમલો કરવામાં આવ્યો હતો. ચાંદખેડા વિદ્યુતપાર્ક સોસાયટીમાં નિર્મલાસિંગ એક જ મકાનમાં પતિથી અલગ રહે છે. તેમની ફરિયાદ છે કે ૨૪-૯-૨૦૨૪ની રાત્રે તેઓ ઘરમાં હતા ત્યારે જ કોઈએ ઘરનો દરવાજો ખખડાવ્યો હતો. તેમણે ઉંઘમાં દરવાજો ખોલ્યો હતો. બહાર જોતાં ઘર આગાળ બે યુવક ઊભા હતા. તેમણે નિર્મલાસિંઘને ગાળો ભાંડી હતી અને એક યુવકે તેમના મોં પર ઈંટ મારી હતી.ઉપરાંત તા. ૧૭-૧૦-૨૪ની મોડી રાત્રે નિર્મલાસિંઘના ઘર આગળ પડેલું બાઈક કોઈએ સળગાવ્યું હતું. આ બાઈક નિર્મલાસિંઘના ભાડુઆત અનિલ સેનમાનું હતું. આ બાબતે નિર્મલાસિંઘને જાણ થઈ હતી કે બાઈક સળગાવનાર તેમના જૂના ભાડુઆત નવનિતસિંઘ કશ્યપ અને તેનો મુકેશ યાદવ હતા જે બન્નેએ સાથે મળીને અગાઉ નિર્મલાસિંઘ પર હુમલો પણ કર્યો હતો. આ અંગે તેમણે ચાંદખેડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ થયેલી તકરારની અદાવતમાં આ કૃત્ય કરવામાં આવ્યું હોવાનું પોલીસ જણાવી રહી છે.

## માંડવી ખાતે આદિજાતિ રાજ્યમંત્રી કુંવરજીભાઇ હળપતિએ કરાવ્યો રવિ કૃષિ મહોત્સવનો શુભારંભ

। અમદાવાદ, તા.૬ ।

ગુજરાતમાં ખેતીના ઉત્પાદનને વધારવા, નવીન કૃષિ તકનીકો ખેડૂત સુધી પહોંચાડવા અને ખેતી ખર્ચ ઘટાડી ખેડૂતોની આવક વધારવાના આશયથી રાજ્યભરમાં યોજાઇ રહેલા બે દિવસીય રવિ કૃષિ મહોત્સવ અંતર્ગત સુરત જિલ્લાના માંડવી ખાતે આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ રાજ્યમંત્રીશ્રી કુંવરજીભાઇ હળપતિએ તાલુકા કક્ષાના બે દિવસીય રવિ કૃષિ મહોત્સવનો શુભારંભ કરાવ્યો હતો. મંત્રી અને અન્ય મહાનુભાવોએ કૃષિ વિભાગની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને રોકડ સહાય, સાધન સહાય તેમજ મંજૂરી હુકમોનું વિતરણ અને પ્રગતિશીલ ખેડૂતોને પ્રમાણપત્ર આપી બહુમાન કર્યું હતું.

# વિશેષ

### રાજ્ય સરકાર લઘુતમ ટેકાના ભાવે ખેડૂતો પાસેથી પાકની સીધી ખરીદી કરી રહી છે : વનમંત્રી મુકેશભાઈ પટેલ

## ઓલપાડ ખાતે 'રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪'નો વન, પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલે શુભારંભ કરાવ્યો









। (માહિતી) સુરત ।

ગુજરાતના ખેડૂતોને પ્રવર્તમાન સમયને અનુરૂપ કૃષિ પદ્ધતિઓ, ટેકનોલોજી અને નવતર અભિગમોથી પરિચિત કરાવવાના આશય સાથે રાજ્ય સરકાર દ્વારા રાજ્યવ્યાપી રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪'નું આયોજન કરવામાં આવ્યું છે.

જેના ભાગરૂપે ઓલપાડના ધી પુરૂષોત્તમ ફાર્મ જીન ખાતે બે દિવસીય તાલુકા કક્ષાના 'રવિ કૃષિ મહોત્સવ'ને વન, પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલે ખુલ્લો મૂક્યો હતો. તા.૭મી સુધી ખેડૂતો મહોત્સવની મુલાકાત લઈ શકશે. આ પ્રસંગે મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું કે, રવિ કૃષિ મહોત્સવ થકી ખેડૂતોને ઘરઆંગણે કૃષિ તકનિકી જ્ઞાન અને માર્કેટ મળ્યું છે. આપણા કૃષિપ્રધાન દેશમાં કૃષિ ક્રાંતિ લાવવામાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની મહત્વની ભૂમિકા રહી છે.

કૃષિ વૈજ્ઞાનિકોએ ખેડૂતોના ખેતરે જઈને આધુનિક ખેતી કરવા જાગૃત કર્યા જેના કારણે આજે કૃષિ ક્ષેત્રે નોંધપાત્ર સુધારો જોઈ શકાય છે. તેમણે ગાડરિયા પ્રવાહની જેમ ખેતી કરવાના બદલે તાંત્રિક જ્ઞાન, કૃષિ અને બાગાયત અધિકારીઓ પાસેથી જાણકારી મેળવી આધુનિક કૃષિ, પ્રાકૃતિક કૃષિ કરવા પર ભાર મૂક્યો હતો. વધુમાં મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, હાલ વરસાદ સમયસર અને પૂરતા પ્રમાણમાં પડતો હોવાથી પાણીની અછત વર્તાતી નથી. સાથે સરકારના નહેર સુધારણા કાર્યોથી સિંચાઈ માટે ડેમનું પાણી છેવાડાના વિસ્તારના ખેડૂતોને મળતા બારે માસ ખેતી કરતા થયા છે. તેમણે રાજ્ય સરકાર લઘુતમ ટેકાના ભાવે ખેડૂતો પાસેથી પાકની સીધી ખરીદી કરી રહી છે એનો ઉલ્લેખ કરી ઉમેર્યું કે, વૈજ્ઞાનિકોના માર્ગદર્શનથી કૃષિ ક્રાંતિ આવી છે અને ખેડૂતોની આવક બમણી થઈ છે. ખેડૂતોનું ભારણ ઘટાડવા કૃષિ વૈજ્ઞાનિકોએ નેનો યુરિયાનું સંશોધન કર્યું છે, જે કૃષિ ઉત્પાદન વધારવામાં આશીર્વાદરૂપ સાબિત થયું છે. નિષ્ણાંતોના મતે નેનો લિક્વિડ યુરિયા માત્ર ઉત્પાદન જ નહીં, પણ પાકની ગુણવત્તામાં પણ સુધારો કરે છે. નમો ડ્રોન દીદી યોજના અમલી બનાવીને બહેનોને ડ્રોન વડે ખેતરમાં દવા છંટકાવ કરવાની ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. ખેતીમાં પાણીનો સદુપયોગ કરી ટપક સિંચાઈ પદ્ધતિ અપનાવવાનો પણ તેમણે અનુરોધ કર્યો હતો. મંત્રી અને મહાનુભાવોએ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના સ્ટોલની મુલાકાત લઈ પ્રાકૃતિક ખેતપેદાશો નિહાળી હતી. નમો ડ્રોન દીદી અને પ્રગતિશીલ ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો. મહાનુભાવોના હસ્તે પ્રગતિશીલ ખેડૂતમિત્રોને વિવિધ યોજનાના લાભના મંજૂરીહુકમો એનાયત કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને બનાસકાંઠા જિલ્લાની દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતેથી રાજ્ય કક્ષાના રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪નું સૌએ લાઈવ પ્રસારણ નિહાળ્યું હતું. આ પ્રસંગે તા.પંચાયત પ્રમુખ નીતાબેન પટેલ, ઉપપ્રમુખ કિરણભાઈ પટેલ, જિ. પં. હળપતિ આવાસ સમિતિના અધ્યક્ષ અશોકભાઈ, ધી પુરૂષોત્તમ ફાર્મર્સના પ્રમુખ મનહર પટેલ, ઉપપ્રમુખ અંકુરભાઈ, પ્રાંત અધિકારી પાર્થ તલસાણીયા, મામલતદાર એલ.આર. ચૌધરી, તાલુકા મદદનીશ ખેતી નિયામક શૈલેષ પ્રજાપતિ, સંગઠન પ્રમુખ બ્રિજેશભાઈ પટેલ, મહામંત્રી કુલદીપસિંહ ઠાકોર, વિવિધ વિભાગના અધિકારી-કર્મચારીઓ, પ્રગતિશીલ ખેડૂતો, સખીમંડળની બહેનો સહિત ખેડૂતો, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## તંત્રી લેખ...

# યુપીઆઈ પેમેન્ટની દિશામાં પણ મહત્ત્વનો નિર્ણય


આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે મોનેટરી પોલિસી બેઠકમાં રેપો રેટ જાળવી રાખવાની સાથે કેશ રિઝર્વ રેશિયોમાં ૦.૫૦ ટકાનો ઘટાડો કરવાની જાહેરાત કરી છે. આ ઉપરાંત યુપીઆઈ પેમેન્ટની દિશામાં પણ મહત્ત્વનો નિર્ણય લીધો છે, જે અંતર્ગત લોકો હવે યુપીઆઈ મારફતે પણ સરળતાથી અને ઝડપી લોન લઈ શકશે. શક્તિકાંત દાસે જણાવ્યું હતું કે, આરબીઆઈએ યુપીઆઈ ક્રેડિટ લાઈન માટે મહત્ત્વનો નિર્ણય લીધો છે. હવે સ્મોલ ફાઈનાન્સ બેન્કોને પણ યુપીઆઈ ક્રેડિટ લાઈન મારફત લોન આપવાની મંજૂરી અપાઈ છે. જેનાથી નાના વેપારીઓ સહિત ઘણાં લોકોને સરળતાથી લોન મળી શકશે. યુપીઆઈ ક્રેડિટ લાઈનની શરૂઆત ડિસેમ્બર, ૨૦૨૩માં થઈ હતી. સામાન્ય લોકો સુધી લોન પહોંચાડવાના ઉદ્દેશ સાથે તૈયાર કરાયેલી ફાઈનાન્શિયલ પ્રોડક્ટ છે. જે અંતર્ગત બેંક ગ્રાહકને પ્રિ-અપ્રુવ્ડ ક્રેડિટ લાઈન હેઠળ લોન આપે છે. આ લોન યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (યુપીઆઈ) મારફતે અપાય છે. પ્રિ-અપ્રૂવ્ડ લિમિટનો આધાર ગ્રાહકના એકાઉન્ટ લિમિટ સાથે જોડાયેલો છે. ગ્રાહકે તેના પર વ્યાજ ચૂકવવાનું રહેશે, જેની ગણતરી બિલિંગ સાયકલના અંતે થશે. યુઝરના યુપીઆઈ મારફત થતાં ટ્રાન્ઝેક્શન અને ક્રેડિટ સ્કોરના આધારે લોનની રકમ નક્કી કરવામાં આવે છે. આ સેવામાં યુઝર યુપીઆઈ પિન મારફત પેમેન્ટ કરી શકે છે. જેની રકમ બાદમાં યુપીઆઈ મારફત જ જમા કરાવવાની રહેશે. તે એક ડિજિટલ ક્રેડિટ કાર્ડની જેમ કામ કરે છે. જેમાં ફિઝિકલ ક્રેડિટ કાર્ડની જેમ રકમ નિર્ધારિત હોય છે. બેંકમાંથી મંજૂરી મળ્યા બાદ ગ્રાહકો બેંક એકાઉન્ટમાં ઝીરો બેલેન્સ હશે, તો પણ ક્રેડિટ કાર્ડની જેમ યુપીઆઈ પેમેન્ટ કરી કરશે.

# ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગો માટે ઉત્પાદન સાથે જોડાયેલ પ્રોત્સાહક યોજનાને મંજુરી

ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ માટે પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ સ્કીમ (પીએલઆઈએસએફપીઆઈ)ને કેન્દ્રીય મંત્રીમંડળે ૩૧ માર્ચ ૨૦૨૧ના રોજ મંજૂરી આપી હતી, જેમાં ૧૦,૯૦૦ કરોડના બજેટનો સમાવેશ થાય છે, જે ૨૦૨૧-૨૨ થી ૨૦૨૬-૨૭ સુધી અમલમાં મૂકવામાં આવશે. આ યોજના હેઠળ ૧૭૧ અરજદારોની નોંધણી કરવામાં આવી છે. પી.એલ.આઈ.એસ.એફ.પી.આઈ. હેઠળ લાભાર્થીની પસંદગીની પ્રક્રિયા એક વખતની કવાયત તરીકે હાથ ધરવામાં આવી હતી, જે અગાઉ હિતધારકની સક્રિય ભાગીદારી અને વ્યાપક ભાગીદારીને સુનિશ્ચિત કરવા માટે વિસ્તૃત પ્રચાર દ્વારા હાથ ધરવામાં આવી હતી. ઉત્પાદન પ્રક્રિયામાં સ્થાનિક રીતે ઉગાડવામાં આવતા કૃષિ ઉત્પાદનો (ઉમેરણો, સ્વાદ અને ખાદ્યતેલો સિવાય)ના ઉપયોગને ફરજિયાત બનાવીને, આ યોજનાએ સ્થાનિક કાચા માલની ખરીદીમાં નોંધપાત્ર વધારો કર્યો છે, જેનાથી અવિકસિત અને ગ્રામીણ વિસ્તારોને લાભ થયો છે અને સાથે સાથે ખેડૂતોની આવકને ટેકો મળ્યો છે. તદુપરાંત, પ્રોસેસ્ડ ફૂડ માટે કાચા માલના સ્થાનિક ઉત્પાદન પર ભાર મૂકવાથી વધારાની ઓફ-ફાર્મ રોજગારની તકો ઉભી થઈ છે, જેણે ગ્રામીણ વિસ્તારોના આર્થિક વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. આ યોજનાએ સ્થાનિક ઉત્પાદનમાં વધારો કરીને, મૂલ્ય સંવર્ધનમાં વધારો કરીને, કાચા માલના સ્થાનિક ઉત્પાદનને વેગ આપીને અને રોજગારીની તકો ઊભી કરીને દેશની એકંદર વૃદ્ધિ અને વિકાસમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે. આ યોજના મોટી કંપનીઓ, બાજરી આધારિત ઉત્પાદનો, નવીન અને ઓર્ગેનિક ઉત્પાદનો તેમજ નાના અને મધ્યમ ઉદ્યોગોને ટેકો આપે છે, જ્યારે વૈશ્વિક સ્તરે ભારતીય બ્રાન્ડ્સને પ્રોત્સાહન પણ આપે છે. આ સ્કીમના લાભાર્થીઓ દ્વારા જણાવવામાં આવેલા આંકડા મુજબ ૨૧૩ સ્થળોએ ૮,૯૧૦ કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે. ૩૧ ઓક્ટોબર ૨૦૨૪ સુધીમાં, આ યોજનાએ ૨.૮૯ લાખથી વધુની રોજગારી પેદા કરી હોવાના અહેવાલ છે. સરકાર પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજના (પીએમકેએસવાય), ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગો માટે ઉત્પાદન સાથે જોડાયેલી પ્રોત્સાહન યોજના (પીએલઆઈએસએફપીઆઈ) અને પ્રધાનમંત્રી ઔપચારિક સ્વરૂપ ઑફ માઈક્રો-ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઈઝીસ (પીએમએફએમઈ) યોજના જેવી યોજનાઓ મારફતે ખાદ્ય પ્રસંસ્કરણ ક્ષેત્રમાં લઘુ અને મધ્યમ ઉદ્યોગસાહસો (એસએમઈ)ને સક્રિયપણે ટેકો આપે છે. આ યોજનાઓ એસએમઈને નાણાકીય, ટેકનિકલ અને માર્કેટિંગ સહાયતા પ્રદાન કરે છે, જે ક્ષમતા વિસ્તરણ, નવીનતા અને ઔપચારિકતાની સુવિધા પ્રદાન કરે છે. એસએમઈ પણ પીએમકેએસવાય યોજનાના વિવિધ ઘટકો હેઠળ લાભ મેળવવા માટે પાત્ર છે. પીએમએફએમઈ યોજનાનો ખાસ કરીને અસંગઠિત એકમોને ઔપચારિક સ્વરૂપ આપવાનો, સંસ્થાગત ધિરાણ, આધુનિક માળખાગત સુવિધાઓ અને ખાદ્ય પ્રસંસ્કરણ ક્ષમતામાં વધારો કરવાનો લક્ષ્યાંક છે. પીએલઆઈ યોજના હેઠળ લાભાર્થીઓમાં નોંધપાત્ર હિસ્સો એમએસએમઈ છે, જેમાં ૭૦ એમએસએમઈની સીધી નોંધણી થઈ છે અને અન્ય ૪૦ કંપનીઓએ મોટી કંપનીઓ માટે કોન્ટ્રાક્ટ ઉત્પાદકો તરીકે પ્રદાન કર્યું છે. સામૂહિક રીતે, આ પહેલોએ નવીનતાને પ્રોત્સાહન આપીને, સ્પર્ધાત્મકતામાં સુધારો કરીને, બજારની સુલભતાનું વિસ્તરણ કરીને, રોજગારીની તકોનું સર્જન કરીને અને ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગમાં વ્યાપક મૂલ્ય શ્રુંખલાને ટેકો આપીને એસએમઈને મજબૂત કરી છે. ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ (PLISFPI) માટે પ્રોડક્શન લિન્ક્ડ ઈન્સેન્ટિવ સ્કીમ હેઠળ, સરકાર વિદેશમાં ભારતીય ફૂડ બ્રાન્ડ્સને પ્રોત્સાહન આપવા માટે નાણાકીય પ્રોત્સાહનો પ્રદાન કરે છે, જે વૈશ્વિક બજારોમાં ભારતીય-બ્રાન્ડેડ કન્ઝ્યુમર ફૂડ પ્રોડક્ટ્સ માટે બ્રાન્ડિંગ અને માર્કેટિંગ પ્રવૃત્તિઓને ટેકો આપે છે. લાભાર્થીઓને વિદેશમાં બ્રાન્ડિંગ અને માર્કેટિંગ પરના તેમના ખર્ચના ૫૦% વળતર આપવામાં આવે છે, જે તેમના વાર્ષિક ખાદ્ય ઉત્પાદનોના વેચાણના ૩% અથવા દર વર્ષે ૫૦ કરોડ, બેમાંથી જે ઓછું હોય તેના પર મર્યાદિત હોય છે. અરજદારોએ લાયકાત મેળવવા માટે પાંચ વર્ષમાં ઓછામાં ઓછા ૫ કરોડ ખર્ચવા પડે છે. હાલમાં પીએલઆઈ યોજનાના આ ઘટક હેઠળ ૭૩ લાભાર્થીઓ છે. પીએલઆઈ યોજના હેઠળ સહાયની પેટર્નઃ ૧. લાભાર્થીએ આ યોજનાનાં કેટેગરી-૧, કેટેગરી-૨ અને મિલેટ-આધારિત ઉત્પાદનોનાં ઘટકો હેઠળ પ્રોત્સાહનનો દાવો કરવા માટે લઘુતમ વર્ષ દર વર્ષ ૧૦ ટકાની વેચાણ વૃદ્ધિ હાંસલ કરવી જોઈએ.

**મંત્ર વગર યજ્ઞ ન થાય! કોઈપણ યજ્ઞમાં મંત્ર પ્રધાન હોય છે, અને મંત્રનો એક અર્થ વિચાર પણ છે, યજ્ઞ માટે જરૂરી તત્વ મંત્ર છે**

# ગીધ અધમ જાતી હોવા છતાં, જટાયુ રામરાજ્ય માટેનો પ્રથમ શહીદ છે!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**સૌપ્રથમ યજ્ઞમાં શ્રદ્ધા હોવી જોઈએ ગમે તે યજ્ઞ, ગાયત્રી કે વૈદિક યજ્ઞ હોય એમાં શ્રદ્ધા અનિવાર્ય છે. આપણો તો શહીદોની સ્મૃતિમાં આ પ્રેમ યજ્ઞ છે! મેં ઘણી વાર કહ્યું છે કે કથા પુણ્ય માટે સાંભળતા નહીં કે સ્વર્ગ માટે સાંભળતા નહીં! છતાં તમે બધા આવ્યા છો સૌ શ્રદ્ધા લઈને આવ્યા છે, દેશના શહીદો માટેની આ શ્રદ્ધા છે. ભગવત્ ગીતા તામસી રાજસી અને સાત્વિક એમ ત્રણ પ્રકારની શ્રદ્ધાની વાત કરે છે.**

માનસ શહીદની બીજા દિવસની શરૂઆત એક પ્રશ્નથી કરી, એક જિજ્ઞાસુએ એક સાધુને શહીદની વ્યાખ્યા શું છે એ પૂછ્યું? એ સાધુ વિતરણ કરે છે અનુરાગી છે ત્યાગી છે ઉદાસીન છે સાધુતાના બધા જ લક્ષણોથી એ મહાપુરુષ સંપન્ન છે. આજે એક બીજો પ્રશ્ન પણ છે કે કથા પ્રેમયજ્ઞ છે તો શું પ્રેમમાં પૈસાની જરૂર પડે? પ્રેમમાં પૈસાની જરૂર પડે જ, અહીંયા જે પૈસાની વાત છે એમાં પૈસા નથી ખર્ચાતા, એમાં લક્ષ્મીનું દાન થઈ રહ્યું છે. તમારે કે મારે આ આયોજનમાં એક પણ રૂપિયાનો ખર્ચ નથી, પણ મેં નાનુભાઈ ને પૂછ્યું કે આખા આયોજનનો ખર્ચ કેટલો? બહુ મોટો આંકડો છે, એ ઉપરાંત એમણે પાંચ કરોડ આ શહીદોના પરિવાર સેવા માટે પણ આપ્યા! એટલે સ્પષ્ટપણે લક્ષ્મીનું દાન થઈ રહ્યું છે. યજ્ઞનો નિયમ છે કે કોઈપણ યજ્ઞ હોય ત્યાં પાંચ વસ્તુ હોવી જોઈએ''. સૌપ્રથમ યજ્ઞમાં શ્રદ્ધા હોવી જોઈએ ગમે તે યજ્ઞ, ગાયત્રી કે વૈદિક યજ્ઞ હોય એમાં શ્રદ્ધા અનિવાર્ય છે. આપણો તો શહીદોની સ્મૃતિમાં આ પ્રેમ યજ્ઞ છે! મેં ઘણી વાર કહ્યું છે કે કથા પુણ્ય માટે સાંભળતા નહીં કે સ્વર્ગ માટે સાંભળતા નહીં! છતાં તમે બધા આવ્યા છો સૌ શ્રદ્ધા લઈને આવ્યા છે, દેશના શહીદો માટેની આ શ્રદ્ધા છે. ભગવત્ ગીતા તામસી રાજસી અને સાત્વિક એમ ત્રણ પ્રકારની શ્રદ્ધાની વાત કરે છે. બીજું મંત્ર વગર યજ્ઞ ન થાય! કોઈપણ યજ્ઞમાં મંત્ર પ્રધાન હોય છે, અને મંત્રનો એક અર્થ વિચાર પણ છે. યજ્ઞ માટે જરૂરી તત્વ મંત્ર છે, અને માનસમાં રામ મહામંત્ર છે, પરંતુ આ ટ્રસ્ટનાં અગ્રણીઓ કે વડીલોએ એક મંત્ર, એક વિચાર આપ્યો છે કે, દેશ માટે કુરબાન થયેલા શહીદોના પરિવારની આપણે યથાશક્તિ સેવા કરવી જોઈએ.

**મહામંત્ર જોઈ જપત મહેસૂ,**
**કાસી મુકુતિ હેતુ ઉપદેસૂ.**


દ્રવ્ય યજ્ઞ માટે ત્રીજું તત્વ દ્રવ્ય જોઈએ. જવ, તલ, ચોખા, ઘી, કાષ્ઠ, નાનકડો મંડપ, આ બધું દ્રવ્ય વગર ન થાય! નાનકડો એવો યજ્ઞ કરો તમારા ઘરે તો તમારે પણ દ્રવ્ય જોઈએ પાંચ જણને જમાડવા પડે અથવા ફળાહાર કરાવો પડે. ચોથું તત્વ છે વિધિ વિધિ વગર યજ્ઞ ન થાય મને ને તમને ફાવે એમ યજ્ઞ ન થાય, તેનો એક વિધિ હોય પૌરાણિક વિધિ કે અથવા તો વિશ્વાસપૂર્વકનો વિધિ! જેમ કે આ પ્રેમ યજ્ઞ ૯:૩૦ વાગે શરૂ થાય, એટલે વિધિ હોય મંગલાચરણથી ભૂમિકા બંધાય. આપણે તો વિશેષ મનોરથ લઈને બેઠા છીએ, એટલે આપણાં શહીદો અથવા એમના પરિવારોનું સન્માન થાય, જેમણે લડાઈ કરી હોય તેનું સન્માન થાય, સામસામે લડ્યાં, કેટલાયને વિંધિને બેઠા છે, એના પરિવારને કાંઈ દ્રવ્ય આપીએ તો એ ઠીક છે, બાકી આ કુરબાનીને પૈસામાં તોળી શકાય એમ છે જ નહીં. યજ્ઞનું પાંચમું તત્વ ભાવ છે, યજ્ઞમાં ભાવ હોવો જોઈએ, નહીં તો બધું જ નિષ્ફળ જાય કેટલો ભાવ લઈને તમે આવ્યા છો! એટલે આ પ્રેમ યજ્ઞ છે. પ્રેમ યજ્ઞમાં દ્રવ્યની જરૂર છે, આ ખર્ચ બેકાર ખર્ચ નથી. આપણને બધાને આ શહીદો અને એના પરિવાર પ્રત્યે અનહદ ભાવ છે. પંડિત નહેરુજી એ જ્યારે લતા દીદી, એ મેરે વતન કે લોગો.. ગાયું ત્યારે એ રેશનાલિસ્ટ હતા એટલે કે દિમાગના માણસ હતાં, છતાં એમની આંખોમાં આંસુ હતા. આમ પણ બોર્ડર ઉપર ગુજરાતી, શીખ, મરાઠા, ગુરખા, કે મદ્રાસી એવું નથી હોતું, હર વીર થા ભારત વાસી! એ બધા જ શહીદોની અંતિમવિધિ એના વતનમાં થાય છે, પણ મૂળમાં એ સૈનિકનું જ્યાં જ્યાં લોહી પડ્યું છે, એ બધાં પહાડો એની સમાધિઓ છે, આટલી ઊંચી સમાધિ વિશ્વમાં કોની હશે? દેશનો એક એક નાગરિક ૩૦ જાન્યુઆરી એટલે કે શહીદ દિવસે, જો માત્ર એક રૂપિયાનું દાન કરે તો, સવાસો કરોડ રૂપિયા આ શહીદોના પરિવાર માટે વપરાય. મારી આ વાત કોઈ સાંભળે અને દિલ્હી સુધી પહોંચે, તો આ એક બહુ મોટું યોગદાન થશે. કથાની શરૂઆતના પ્રશ્ન પર આવતા કહ્યું કે એ મહાપુરુષને સૈનિકના લક્ષણો શું હોઈ શકે? સૈનિક થવા માટે તો કેવા કેવા નિયમો હોય એ નિયમોની વાત નથી, પરંતુ એક સાધુ વાત કરે છે ત્યારે આધ્યાત્મિક વાત કરે સાધુએ જવાબ આપે છે. (૧) શહીદનું પ્રથમ લક્ષણ તે જાણતો બધું જ હોય પણ બોલે નહીં, એટલે કે મારા દેશનો નાગરિક છે, તે દેશનું રહસ્ય જાણતો હોય પણ ગુપ્તતાને ખુલ્લી ન કરે! રાષ્ટ્રનું રહસ્ય કોઈ સામે ચત્તું ન કરે, રાષ્ટ્રને દગો ન દે! અને બોલે ત્યારે દેશ હિતમાં બોલે અને ધન્ય કરી દે. (૨) શહીદનું બીજું લક્ષણ તે પંડિત ન હોય પણ ડાહ્યો બહુ હોય, માના કોઠામાંથી જ ડહાપણ શીખીને આવ્યો હોય સરહદ ઉપર સૈનિક હોય તે સંસ્કૃત ભણેલા હોય એ જરૂરી નથી, એ હિન્દી બોલે, કે પોતાની ભાષા બોલે, પરંતુ એનામાં ડહાપણ એટલે કે કયા સમયે શું કરવું જોઈએ એની એને ખબર હોય. (૩)શહીદનું ત્રીજું લક્ષણ સાચો હોય પણ હું બધું જ જાણું છું, એમ સચ્ચાઈનો દંભ ન કરે, ડોળ ન કરે, કોઈ દેખાડો ન કરે!; બડાઈ મેળવવાની કોશિશ ન કરે.એને કોઈ ટાપટીપની એટલે પદ પ્રતિષ્ઠાની જરૂર ન પડે! (૪) શહીદનું ચોથું લક્ષણ સરહદ પર રહીને દેશની રક્ષા કરવા માટે પ્રાણ આપે એ તો છે જ, પણ બે સૈનિકો સાથે જતા હોય, અને લાગે કે આનો પ્રાણ જશે ત્યારે એનો પ્રાણ બચાવવા માટે પહેલા પોતે કુરબાન થઈ જાય એ સાચાં શહીદનું લક્ષણ છે. (૫) શહીદનું પાંચમું લક્ષણ તે હંમેશા પાછળ રહે! એટલે કે પોતાની પદ પ્રતિષ્ઠામાં એ અન્યને આગળ રાખે છે. તો આ કથાની ભૂમિકામાં બે ચોપાઈ લીધી છે, જે કિષ્કિંધા કાંડની છે. અંગદ ટુકડીનો નાયક છે, એ આગળ ચાલે છે, અને હનુમાનજી પ્રાણનું રક્ષણ કરવા વાળા પાછળ છે. અંગદ એટલે અંગનું દાન કરવા વાળો, અથવા તો સમર્પણ ભાવ લઈને આગળ વધે છે. કિષ્કિંધા કાંડમાં માત્ર ૩૦ ચોપાઈ છે. જંગલમાં આ ટુકડી ભૂલી પડે છે, અને બધાને ભૂખ તરસ લાગે છે. જાનકીની ખોજ, એટલે કે રાષ્ટ્રની શાંતિની ખોજ, રાષ્ટ્રની ઊર્જાની ખોજ, કે મહાશક્તિની ખોજ કરતા કરતા ભૂખ અને તરસથી વ્યથિત થયેલી આ ટુકડીને જોઈ હનુમાનજીને થયું કે હવે હું આગળ જાઉં, અને પાણીની શોધ કરું નહીં તો આ લોકોના પ્રાણ જશે! સ્વયં પ્રભા કે જે તપપુંજ અને તેજપુંજ છે એ તપસ્વીની ગુફામાં બધા પ્રવેશ કરે છે. તપસ્વીની બધાને સીતા સુધી પહોંચાડવા તૈયાર થઈ જાય છે, પણ વાનર એની ચંચળતાને કારણે વહેલાં આંખ ખોલી નાખે છે, અને આમ સમુદ્રનાં કિનારા સુધીની યાત્રા થાય છે. સંપાતી જટાયુનું નામ સાંભળી અને બહાર આવે છે, અને જટાયુ એનો ભાઈ થાય એવું કહે છે, સૌને અભય વરદાન આપે છે.

**કહા અંગદ વિચારી મન માહી,**
**ધન્ય જટાયુ સમ કોઉ નાહિ,**
**રામ કાજ કારન તનુ ત્યાગી,**
**હરિ પુર ગયઉ પરમ બડભાગી.**

ગીધ જેવી અધમજાતી હોવા છતાં, અંગદ જેવો બુદ્ધિમાન એને ધન્ય અને બડભાગી શબ્દનો ઉચ્ચાર કરે, ત્યારે અન્ય વાનરો જામવંત સામે જોઈને પ્રશ્નાર્થ કરે છે! ગીધ અધમ જાતી છે, માંસાહાર કરે છે, પરંતુ એ રામકાર્ય માટે શહીદ થયા છે. સરહદ પર શહીદ થનારા કંઈ ફળાહારી કે શાકાહારી જ હોય એવું જરૂરી નથી, છતાં એનું રાષ્ટ્રધર્મ અદા કર્યો છે, માટે એ ધન્યતાને પાત્ર છે. જટાયુ રામ કાર્ય માટે શહીદ થયા છે માટે એ ધન્ય છે. જટાયુ રામચરિત માનસના પ્રથમ શહીદ છે, અને એટલે જ હું આ શહીદોને અપાતા એવોર્ડમાં એક નામ જટાયુ એવોર્ડ જાહેર કરું છું. કથાના ક્રમમાં પરમાત્માના નામની વંદના કરી એના નામનો મહિમા ગાયો, રામનામ આદિ અનાદિ છે, તેથી રામનામ લ્યો, કથાને ત્યાં સુધી લઈ જઈ વિરામ આપ્યો.

**વિષયોમાં જવાથી મન મરતું નથી, પરંતુ આ જ મન ઈશ્વરનું ચિંતન કરે, ધ્યાન કરે તો તે ઈશ્વરને પ્રાપ્ત કરી શકે છે**

# સંસારની કોઈ વસ્તુ બગડે કે નાશ થાય તો બીજી મળશે, પણ મન બગડી જાય તો બજારમાં બીજું મન મળશે નહીં



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**સંસારના સર્વ વિષયોમાં મન હટી જાય અને ઈશ્વર સાથે એકરૂપ થઈ જાય એ મુક્તિ, પરમાત્મા આનંદ સ્વરૂપ છે મન સંસારના વિષયો સાથે એક થતું નથી, કારણ સંસાર જડ છે અને મન જડ નથી, પણ અર્ધચેતન છે, સજાતીયમાં જ સજાતીય મળે આથી મન ઈશ્વર સિવાય કોઇની સાથે અભિન્ન થતું નથી, એક થતું નથી, સંસારના વિષયોમાં રચ્યો પચ્યો રહેતો હોય તે પણ કો'ક વખત તો એનાથી ઘૃણા અનુભવે છે.**

ગત પાંચમી ડીસેમ્બર-૨૦૨૪ ગુરૂવારથી ગુજરાતી સાહિત્ય પરિષદનું ચોત્રીસમું જ્ઞાન સત્ર મહુવા ખાતે શરૂ થયું છે જ્યાં જુના નવા સાહિત્યકારો વિવેચકો ની વ્યથા કથા રજુ થશેને આ ચેતનાનું કંઈક નવું ભાથું વાચક ચાહક વર્ગને મળશે આપણે આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ભૂતલ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહીં રે;પુણ્ય કરી અમરાપુરી પામ્યા,અંતે ચોરાશી માંહી રે...હરિના જન તો મુક્તિ ન માગે, માગે જનમોજનમ અવતાર રે;નિત સેવા નિત ઉત્સવ નીરખવા નન્દકુમાર રે...ભૂતલ ભરતખંડ ભૂતળમાં જનમી, જેણે ગોવિંદના ગુણ ગાયા રે;ધન ધન રે એનાંમાત પિતાને,સફળ કરી એણે કાયા રે..ભૂતલ ધન્ય વૃન્દાવન ધન્યએ લીલા ધન્ય એ વ્રજનાં વાસી રે; અષ્ટ મહાસિદ્ધિ આંગણિયેઊભી મુક્તિ છે એની દાસી રે... ભૂતલ એ રસનો સ્વાદ શંકર જાણે, કે જાણે શુક જોગી રે; કાંઈક જાણે વ્રજની રે ગોપી, ભણે નરસૈંયો ભોગી શરીર મરવા થી મુક્તિ મળતી નથી, પણ મન મરવાથી મુક્તિ મળે છે. આત્માને મુક્ત કરવાનો નથી,એ તો મુક્ત જ છે. સંસારના સર્વ વિષયોમાં મન હટી જાય અને ઈશ્વર સાથે એકરૂપ થઈ જાય એ મુક્તિ. પરમાત્મા આનંદ સ્વરૂપ છે મન સંસારના વિષયો સાથે એક થતું નથી. કારણ સંસાર જડ છે અને મન જડ નથી,પણ અર્ધચેતન છે. સજાતીયમાં જ સજાતીય મળે આથી મન ઈશ્વર સિવાય કોઈની સાથે અભિન્ન થતું નથી,એક થતું નથી.સંસારના વિષયોમાં રચ્યો પચ્યો રહેતો હોય તે પણ કો'ક વખત તો એનાથી ધૃણા અનુભવે છે. એવી ધૃણા કાયમ ટકે તો બેડો પાર થઈ જાય.મનુષ્યને વૈરાગ્ય આવે છે. પણ માયા એવી છે કે,તે વૈરાગ્યને ટકવા દેતી નથી. મન ગમે તેટલું વિષયોમાં રમે,તો પણ સંસારના જડ પદાર્થ સાથે એ એક થઈ શકતું નથી. ફક્ત ઈશ્વર સાથે જ મન એકાકાર થઈ શકે છે કારણ કે મન કેવળ જડ નથી, અર્ધ ચેતન પણ છે.પૂર્વજન્મ નું શરીર મરી ગયું છે, પણ પૂર્વજન્મનું મન લઈ આ શરીર આવ્યું છે અને મર્યા પછી આ મન જ તમારી સાથે આવવાનું છે. સ્ત્રી પુત્ર, કુટુંબ તમારી સાથેઆવશે નહીં તો જે તમારી સાથે આવવાનું છે તેની કાળજી રાખો અને બીજામાંથી આસક્તિઓછી કરો.જીવાત્મા મનનો આશ્રય કરીને વિષયોને ભોગવે છે એટલે એ મનને સાચવી લો. સંસારની કોઈ વસ્તુ બગડે કે નાશ થાય તો બીજીવસ્તુ મળશે,પણ મનબગડી જાય તો બજારમાં બીજું મન મળશે નહીં. વિષયોમાં જવાથી મન મરતું નથી, પરંતુ આ જ મન ઈશ્વરનું ચિંતન કરે,દયાન કરે તો તે ઈશ્વરને પ્રાપ્ત કરી શકે છે. ઈશ્વરની સાથે એક થઈ જાય ત્યારે મન મરે છે. કોઈના ગુરુ થવાની ઈચ્છા ન રાખશો. તમારે ગુરુ થવું હોય તો તમારા મનના ગુરુ થાવ. તમારા મનને જ ઉપદેશ આપો અને એને તમારો પાકો ચેલો બનાવો. એને ફરી ફરી કહો, બચ્ચા,મન ભક્તિ માર્ગે ચાલે તો તને પ્રભુ મળશે. સંસારમાં જે નિંદ્ય છે તે છોડ અને જે વંદ્ય છે તેનું સેવન કર.પછી જો જો ચમત્કાર! આ લાડુમાં ઝેર છે એમ કોઈ કહે તો તે લાડુ તમે ખાશો નહીં. તેમ મનને સમજાવો કે આ સંસારના વિષયોમાં ઝેર છે, તું ખાઇશ નહીં. ખાઈશ તો તું દુઃખી થઈશ. આમ બીજાના ગુરુ થવાનો મોહ છોડી નિજ મનના ગુરુ બનો. પોતાના ગુરુ થવું એનો અર્થ સર્વના શિષ્ય થવું. દત્તાત્રેયની પેઠે સર્વને ગુરુ ભાવથી જોતાં થાઓ તો ક્યાંય બંધન નહીં દેખાય. મન સંસારના વિષયોનું ચિંતન કરે છે અને સંસારમાં ફસાય છે.તે સંસારના વિષયોનું ચિંતન છોડી દે તો મુક્તિ છે. નિદ્રામાં મન નિર્વિષય બને છે. એટલે નિદ્રામાં આનંદનો અનુભવ થાય છે.નિદ્રા અને સમાધિમાં તફાવત છે, પરંતુ સામ્ય પણ ઘણું છે.સમાધિમાં સર્વ વિષયોમાંથી મન હઠી જાય છે, ચિત્તવૃત્તિનો નિરોધ થાય છે. તેમ નિદ્રામાં પણ મન સંસારના સર્વ વિષયોમાંથી હટી જાય છે તેથી નિદ્રામાં આનંદ આવે છે,પરંતુ મન નિદ્રામાં સંપૂર્ણ નિર્વિષય થઈ જતું નથી.જો તે મન પૂર્ણ નિર્વિષય થઈ જાય તો તેને સમાધિ કહે છે. નિદ્રાનું સુખ તામસી સુખ છે. નિદ્રામાં હુંપણું- અહમ્ બાકી રહી જાય છે. અહંભાવનો લય થતો નથી, ત્યારે સમાધિમાં અહંભાવનો પણ લય થાય છે અને હું પણું રહેતું નથી. યોગીઓ આત્મસ્વરૂપમાં મનનો લય કરે છે. મનને કોઈ વિષય ન આપો એટલે તે આત્મ સ્વરૂપમાં મળી જાય છે.મન આત્મસ્વરૂપમાં લય થાય એટલે મુક્તિ મળે છે. વિષયોના ચિંતનથી મન જીવે છે અને વિષયોનો ત્યાગ કરવાથી મન મરી જાય છે.સંસારનાવિષયો માંથી મન હટી જાય એટલે મન શાંત બને છે.દીવામાંનું તેલ જ્યારે ખૂટી જાય છેત્યારે દીવો શાંતથાય છે. તેમ મનમાં સંસાર ન રહે ત્યારે મન શાંત થાય છે. મનને કોઈ આધાર જોઈએ. મનને પ્રતિકૂળ વિષયોમાંથી અનુકૂળ વિષયોમાં લઈ જાવ.એ જ મન તમને મુક્તિ નો આનંદ આપનારું બનશે. નિદ્રામાં સર્વનો વિનાશ થાય છે, પણ અહંકારનો વિનાશ થતો નથી નિદ્રામાં અહંભાવ ભૂલાતો નથી, સમાધિમાં અહંભાવ ભૂલાય છે. સમાધિમાં નામ અને રૂપ ભૂલાય છે. સમાધિના બે પ્રકાર છેઃ જડ અને ચેતન સમાધિ.યોગી મનને બળાત્કારથી વશ કરી પ્રાણના બ્રહ્મરંધ્રમાં સ્થાપન કરે છે.એ જડ સમાધિ છે, પરંતુ મન ઉપર બળાત્કાર કર્યા વગર પ્રેમથી સમજાવીને તેને વિષયોમાંથી હટાવી લેવું એ ચેતન સમાધિ છે. વિશ્વામિત્રની સમાધિ જડ હતી. સાઠ હજાર વર્ષ તપ કર્યું, છતાં મેનકાને જોઈને તેમનું મન લલચાયું હતું. બળાત્કારે રાખેલું મન ક્યાં સુધી કાબૂમાં રહે?માટે સમાધિ સહજ હોવી જોઈએ. એવી સહજ સમાધિ શ્રીકૃષ્ણ લીલામાં છે. કનૈયાની વાંસળી સાંભળી ગોપી ઓ સહજ સમાધિનો અનુભવ કરે છે.શ્રીકૃષ્ણ કથાનું વર્ણન કરતાં આંખો ઊઘાડી હોવા છતાં સમાધિ લાગે છે. ગોપીઓએ કદી નાક પકડી સમાધિ લગાવવા નો પ્રયત્ન કર્યો નથી. તેમની તો હાલતાં-ચાલતાં, સૂતાં-બેસતાં સર્વત્ર, સર્વ કાળે સમાધિ જ લાગેલી રહે છે.તેઓને આપો આપ સમાધિ લાગે છે. આ ભોગી શરીર યોગાભ્યાસ કરી શકે નહીં. ભોગી યોગી થવા જાય તો યોગી થવાને બદલે રોગી થઈ જાય.યોગનું પહેલું સાધન છે બ્રહ્મચર્ય.એ બ્રહ્મચર્યનું પાલન કર્યા વગર કોઈ યોગ સિદ્ધ કરવા જાય તો ખાડામાં પડે.પણ શ્રીકૃષ્ણ કથા એવી છેકે, જેથી અનાયાસે જગત ભૂલાય છે. જગતમાં રહીને જગતને ભૂલવુંછે એનું એકમાત્ર સાધન શ્રીકૃષ્ણ કથા છે. પ્રત્યક્ષ પ્રમાણ મોજૂદ છે પરીક્ષિતને સાત જ દિવસમાં મુક્તિ મળી છે. સાત દિવસમાં પરીક્ષિત રાજા જગતને ભૂલી જાય છે અને શ્રીકૃષ્ણમાં તેનું મન તન્મય થાય છે. શ્રીકૃષ્ણકથાનો એ ચમત્કાર છે. મોટા મોટા જ્ઞાની મહાત્માઓને બીક હતીકે,સાત દિવસમાં તે કેવી રીતે મુક્તિ મળે? પણ શુકદેવજી મહારાજ એવી ચતુરીથી, ધીરે ધીરે રાજાના મનને અનાસક્ત બનાવી શ્રીકૃષ્ણપ્રેમમાં તન્મય કરે છે.સાત દિવસમાં રાજાનું જ્ઞાન વધે છે, ભક્તિ વધે છે,વૈરાગ્ય વધે છે અને શ્રીકૃષ્ણકથામાં રાજા તન્મય બની મુક્તિ પામે છે. એકલા રાજાને માટે જ તે શક્યછે એવું નથી. આપણા સૌના માટે તે શક્ય છે. રાજાએ જેવો પ્રયત્ન કર્યો તેવો આપણે સૌએ કરવો જોઈએ. ચરી પાળવાની શરત પાળીએ તો દવા અસર કરે જ. શ્રીકૃષ્ણ કથાએ ભવસાગરના દુઃખોમાંથી છૂટવાની એક માત્ર ઔષધિ છે. યોગીઓ આંખો બંધ કરીને જગતને ભૂલવાનો પ્રયત્ન કરે છે, પણ જગત ભૂલાતું નથી. તેમને એ અઘરું લાગે છે. બીજી બાજુ ગોપીઓની એવી હાલત છે કે, તેઓ જગતને યાદ કરવા માગે તો યાદ કરી શકતી નથી. તો આ બેમાં સાધના કોની ચડિયાતી ઠરી?ગોપીઓ જ શ્રીકૃષ્ણ પ્રેમનું આ કૌતુક છે. મનમાં વિરોધ ન રાખો, વાસના ન રાખો.વિરોધ અને વાસના નિરોધમાં વિઘ્ન કરે છે. તેના વિનાશથી જ મનનો નિરોધ થાય છે. જગતના કોઈ પણ જીવ સાથે વિરોધ ન રાખો. તેમ જગત ના ભોગ પદાર્થો ભોગવવાની વાસના ન રાખો. નિરોધ થાય છે. અનાયાસે જીવને મુક્તિ મળે છે. શ્રીકૃષ્ણ લીલામાં અનાયાસે મનનો નિરોધ થાય છે. ઘડીભર માની લો કે,આ સંસાર સુંદર છે.તો આ સુંદર સંસારને બનાવનારો કેટલો સુંદર હશે તેનો કોઈ દિવસ વિચાર કર્યો છે? મનુષ્ય સૌંદર્ય જોવા માટે કાશ્મીર વગેરે સ્થળોએ જાય છે, પણ ત્યાં જવાની કંઈ જ જરૂર નથી, કારણકે ખરું સૌંદર્ય અંતર માં છે, ઈશ્વરમાં છે. તે સૌંદર્યજોવા પ્રયત્ન કરો. પરમાત્માના કોઈપણ સ્વરૂપ સાથે તન્મય થાઓ તો તમને મુક્તિ મળશે. ભાગવત એમ કહેતું નથી કે, ફક્ત શ્રીકૃષ્ણમાં જ તન્મય થાઓ. ઈશ્વરના કોઈપણ સ્વરૂપમાં તન્મય થાઓ.

# શોભિતા ધુલીપાલા અને નાગા ચૈતન્ય પર સુપરસ્ટાર નાગાર્જુને હેત વરસાવ્યું

### સમગ્ર પરિવારે પરંપરાગત દક્ષિણ ભારતીય પોશાક અને ઘરેણા સાથે લગ્નને યાદગારર બનાવ્યાં



બે વર્ષ સુધી એકબીજાને ડેટ કર્યા પછી અંતે હૈદ્રાબાદમાં બુધવારે શોભિતા ધુલીપાલા અને નાગા ચૈતન્યના વિવાહ સંપન્ન થયાં હતાં. આ બહુ નાનો સમારોહ હતો, જેમાં નજીકના મિત્રો અને પરિવારજનો હાજર રહ્યાં હતાં. તેમના લગ્નની તસવીરો અને વીડિયો વાયરલ થયાં હતાં. જેમાં નાગા ચૈતન્ય મંગળસૂત્ર પહેરાવે છે, ત્યારે શોભિતા ઈમોશનલ થયેલી જણાતી હતી. આ પ્રસંગે ચૈતન્યનો સાવકો ભાઈ અને એક્ટર અખિલ એક્કિનેની, તેનો કઝીન રાણા દુગ્ગુબાતી વગેરે હાજર રહ્યા હતા અને ખુશ જણાતા હતા. તેમણે પણ દંપતિ સાથેની તસવીરો શેર કરી હતી. આ સમારોહમાં શોભિતા અને નાગા બંને પરંપરાગત દક્ષિણ ભારતીય પોષાકમાં જોવા મળે છે. આ તસવીરોમાં નાગાનો પિતા અને સુપરસ્ટાર એક્ટર નાગાર્જૂન અક્કીનેની પણ ઈમોશનલ થયેલો જણાતો હતો. નાગાર્જૂને તસવીર શેર કરતાં એક્સ પર લખ્યું હતું, ‘‘એએનઆર ગારુના સ્ટેચ્યુ સમક્ષ થયેલી આ ઉજવણી દેખાય છે, તેના કરતાં ઊંડો અર્થ ધરાવે છે. આ તેમના શતાબ્દી વર્ષની પણ ઉજવણી છે. આ સફરના દરેક ડગલે તેમનાં પ્રેમ અને માર્ગદર્શનનો અનુભવ થયો છે.’’ જ્યારે અન્નપુર્ણા સ્ટુડિયોના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પેજ પરથી નાગા અને શોભિતાના વિવાહની સુંદર તસવીરો શેર કરવામાં આવી હતી. સાથે કૅપ્શનમાં બંનેને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. શોભિતા આ વિધીમાં ગોલ્ડન કાંજીવરમ સાડીમાં ચમકતી હતી, સાથે તેણે ગોલ્ડન સાઉથ ઈન્ડિયન પરંપરાગત જ્વેલરી પહેરી હતી. સાથે ગજરા, અલતા અને મહેંદીથી તે ખુબ સુંદર દેખાતી હતી. જ્યારે નાગા ચૈતન્યએ પરંપરાગત સાઉથ ઈન્ડિયન પાંચા અને કૂર્તા સાથે ધોતી પહેરી હતી.

### જસકુંવરની આ ડોક્યુમેન્ટ્રી ૧૩ ડિસેમ્બરે થિએટરમાં રિલીઝ થશે

# ‘ઝીરો સે રીસ્ટાર્ટ’માં ’૧૨વીં ફેઇલ’ જેવો ક્રિએટિવ કેઓસ જોવા મળ્યો

જાણીતા ફિલ્મ મેકર વિધુ વિનોદ ચોપરાએ મંગળવારે તેમની આવનારી ડોક્યુમેન્ટ્રી ફિલ્મ ‘ઝિરો સે રીસ્ટાર્ટ’નું ટ્રેલર લોંચ કર્યું છે, જેમાં તેમની ૨૦૨૩ની તેમની સુપરહીટ ફિલ્મ ’૧૨વીં ફેઈલ’ની મેકિંગ પ્રોસેસ દર્શાવવામાં આવી છે. આ ફિલ્મના ટ્રેલરની શરૂઆતમાં કમલ હાસન, અમિતાભ બચ્ચન, અલ્લુ અર્જુન, આલિયા ભટ્ટ, અનિલ કપૂર, કરણ જોહર જેવા જાણીતા લોકો તેમજ મીડિયા અને ક્રિટિક્સ દ્વારા ફિલ્મને મળેલાં




પ્રતિસાદ દર્શાવાયા છે. ત્યાર બાદ ’૧૨વીં ફેઈલ’ મેકિંગ પ્રોસેસ રજૂ થઈ છે, જેમાં ફિલ્મના ડિરેક્ટર વિધુ વિનોદ ચોપરાની કેટલીક લાક્ષણિક અને સાહજિક ક્ષણો જોવા મળે છે. ફિલ્મના મેકર્સ દ્વારા એક નિવેદન પણ જાહેર કરવામાં આવ્યું હતું, જેમાં ‘ઝીરો સે રિસ્ટાર્ટ’ને એક ‘‘ક્રિએટિવ કેઓસની એક નોંધપાત્ર વાર્તા’’ ગણાવવામાં આવી છે. જે વિધુ વિનોદ ચોપરાની આ ફિલ્મ ‘‘તથ્યોને યથાર્થ સ્વરૂપ માં ઉજાગર કરવાની સાથે વાસ્તવિક અને તાજગીસભર રજૂઆત’’ લઈને આવે છે. આ ડોક્યુમેન્ટ્રી જસકુંવર કોહલી દ્વારા એડિટ અને ડિરેક્ટ કરવામાં આવી છે. તેનું સંગીત પણ ૧૨ ફેઈલનું સંગીત આપનાર શાંતનુ મોઈત્રા દ્વારા આપવામાં આવ્યું છે. વિધુ વિનોદ ચોપરાએ પ્રોડ્યુસ કરેલી આ ફિલ્મ ૧૩ ડિસેમ્બરે થિએટરમાં રિલીઝ થશે. જે, આ પહેલાં ગોવા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ દરમિયાન દર્શાવવામાં આવી હતી.

### ઓડિયન્સમાં હોરર કોમેડી અને થ્રિલરનો ટ્રેન્ડ છવાયો છે

# ફિલ્મ ‘સ્ત્રી ૨’ના પ્રોડ્યુસરનો સાથ મળ્યો



હાલમાં આલિયા ભટ્ટ સંજય લીલા ભણસાલીની ‘લવ એન્ડ વૉર’માં રણબીર કપૂર અને વિકી કૌશલ સાથે કામ કરી રહી છે. યશ રાજ ફિલ્મ્સના સ્પાય થ્રિલર યુનિવર્સમાં પણ આલિયા હાલ કામ કરે છે. હવે, આલિયા દિનેશ વિજાનની સાથે આગામી ફિલ્મ માટે ચર્ચા-વિચારણા કરી રહી હોવાના અહેવાલો છે. દિનેશ વિજાન ‘સ્ત્રી’, ‘સ્ત્રી ૨’, ‘મુંજિયા’, ‘ભેડિયા’ જેવી હોરર કોમેડી ફિલ્મો કરવા માટે પ્રખ્યાત છે. સૂત્રોના આધારે અમુક અહેવાલોમાં કહેવાયું છે કે, ‘‘આલિયા દિનેશ વિજાન સાથે ઘણી બધી ફિચર ફિલ્મોની ચર્ચા કરતી હોય છે. અનેક ચર્ચાઓ બાદ હવે આલિયા અને વિજાન સાથે કામ કરવા સજ્જ થઈ ગયાં છે. ‘ગંગુબાઈ’ને સાયકોલોજીકલ સુપરનેચરલ થ્રિલર પસંદ છે જે ‘લવ એન્ડ વૉર’ ફિલ્મ બાદ મોટા પડદે જોવા મળી શકે છે. આ અંગે વિચારણા ચાલી રહી છે, લગભગ ૨૦૨૫ની શરૂઆતમાં બધું નક્કી થાય તેવી શક્યતા છે.’’ આલિયાએ નવેમ્બર ૨૦૨૫ સુધી ‘લવ એન્ડ વૉર’ માટે ભણસાલીને ઘણી બધી ડેટ્સ આપી દીધી છે. હાલમાં આલિયા ભટ્ટ સંજય લીલા ભણસાલીની ‘લવ એન્ડ વૉર’માં રણબીર કપૂર અને વિકી કૌશલ સાથે કામ કરી રહી છે હાલમાં આ હોરર થ્રિલર લખવાનું કામ ચાલી રહ્યું હોવાનું જાણવા મળ્યું છે. ફિલ્મને હાલના તબક્કે ‘ચામુંડા’ કહેવામાં આવે છે. આ પહેલાં એવા પણ અહેવાલો હતા કે કિઆરા પણ વિજાનના હોરર કોમેડી યુનિવર્સમાં જોડાવાની હતી જેમાં ફિલ્મનું ટાઈટલ ‘દેવી’ હતું. હવે આલિયા આ યુનિવર્સનો એક ભાગ હોવાના અહેવાલો આવતા એવી ચર્ચા છે કે, ભવિષ્યમાં આ ફિલ્મમાં આલિયા કે કિઆરામાંથી કોણ જોવા મળશે કે પછી બે અલગ ફિલ્મો હશે. ઓડિયન્સમાં હોરર કોમેડી અને થ્રિલરનો ટ્રેન્ડ છવાયો છે તે વાત ‘સ્ત્રી ૨’ને મળેલી સફળતા પરથી સાબિત થાય છે. આ દરમિયાન, ૨૦૨૪ના અંતમાં આલિયા ‘જિગરા’ ફિલ્મમાં વેદાંગ રૈના સાથે જોવા મળી હતી.

### અભિનેત્રી પ્રિયંકા ચોપરા છેલ્લા ૫ વર્ષથી બોલિવૂડથી દૂર

# પ્રિયંકા બોલિવૂડમાં કમબેક કરવા આતુર

### છેલ્લે વર્ષ ૨૦૧૯માં આવેલી ફિલ્મ ‘સ્કાય ઇઝ પિંક’માં જોવા મળી હતી



પ્રિયંકા ચોપરા છેલ્લા ૫ વર્ષથી બોલિવૂડથી દૂર છે. અભિનેત્રી છેલ્લે વર્ષ ૨૦૧૯માં આવેલી ફિલ્મ ‘સ્કાય ઈઝ પિંક’માં જોવા મળી હતી. તે પછી તે હોલીવુડ તરફ વળી અને હિન્દી ફિલ્મોથી સંપૂર્ણપણે દૂર થઈ ગઈ. હવે તાજેતરના મીડિયા અહેવાલો અનુસાર, પ્રિયંકા ચોપરા હવે ૫ વર્ષ પછી બોલિવૂડમાં કમબેક કરવા માટે તૈયાર છે. ગ્લોબલ એક્ટ્રેસે તેની મચઅવેટેડ ફિલ્મ ‘જી લે ઝરા’ વિશે પણ સંકેત આપ્યા છે.પ્રિયંકા ચોપરા ૨૦૧૯ થી બોલિવૂડ ફિલ્મોમાં જોવા મળી નથી. અભિનેત્રી છેલ્લા ૫ વર્ષથી હિન્દી ફિલ્મોથી દૂર છે, પરંતુ હવે તે ટૂંક સમયમાં બોલિવૂડમાં કમબેક કરવા માટે તૈયાર છે. ‘દેશી ગર્લ’ પ્રિયંકા ચોપરા આવતા વર્ષે તેના ચાહકોને એક મોટું સરપ્રાઈઝ આપવા જઈ રહી છે.મીડિયા પોર્ટલ સાથે વાત કરતી વખતે પ્રિયંકા ચોપરાએ તેના પુનરાગમન વિશે વાત કરી. અભિનેત્રીનું કહેવું છે કે તે વર્ષ ૨૦૨૫માં તેના બોલિવૂડમાં કમબેકની જાહેરાત કરવા જઈ રહી છે. દેશી ગર્લ આગળ કહે છે, ‘હું મજાક નથી કરતી. હું અહીં ઘણા ફિલ્મ નિર્માતાઓને મળું છું અને સ્ક્રિપ્ટ વાંચું છું. હું હિન્દી ફિલ્મોની સ્ક્રિપ્ટ વાંચી રહી છું અને કામ કરવા માંગુ છું. આ વર્ષે હું ખૂબ જ વ્યસ્ત હતી, પણ એક સરપ્રાઈઝ છે.’જ્યારે આલિયા ભટ્ટ અને કેટરિના કૈફ સાથેની ફિલ્મ ‘જી લે ઝરા’ના અપડેટ વિશે પૂછવામાં આવ્યું ત્યારે ‘દેશી ગર્લ’ કહે છે કે તેણે આ વિશે ફરહાન અખ્તર સાથે વાત કરવી પડશે. તમને જણાવી દઈએ કે, વર્ષ ૨૦૨૧માં આલિયા ભટ્ટ, કેટરિના કૈફ અને પ્રિયંકા ચોપરા સ્ટારર ફિલ્મ ‘જી લે ઝરા’ની જાહેરાત કરવામાં આવી હતી. જોકે, અજ્ઞાત કારણોસર આ ફિલ્મ મુલતવી રાખવામાં આવી હતી અને અત્યાર સુધી તેના વિશે કોઈ અપડેટ નથી.હવે પ્રિયંકા ચોપરાની ફિલ્મ ‘સ્કાય ઈઝ પિંક’ની વાત કરીએ તો અભિનેત્રીની આ ફિલ્મ ફરહાન અખ્તર સાથે વર્ષ ૨૦૧૯માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મને વિવેચકોએ ખૂબ વખાણી હતી. ત્યારથી દેશી ગર્લ હોલીવુડની ફિલ્મોમાં સક્રિય છે. થોડા સમય પહેલા અભિનેત્રી ‘સિટાડેલ’માં જોવા મળી હતી.

# નીના ગુપ્તાએ ડાકણ બનીને ફેન્સને ચોકાવ્યા

### બોલિવૂડની મહાન અભિનેત્રી નીના ગુપ્તા પોતાના દરેક પાત્ર સાથે ચાહકોના દિલ પર ઊંડી છાપ છોડી જાય છે



બોલિવૂડની મહાન અભિનેત્રી નીના ગુપ્તા પોતાના દરેક પાત્ર સાથે ચાહકોના દિલ પર ઊંડી છાપ છોડી જાય છે. તેની એક્ટિંગ અને સુંદરતાથી દરેક લોકો પ્રભાવિત છે. હવે ટૂંક સમયમાં અભિનેત્રી એક નવા પ્રોજેક્ટમાં જોવા મળવાની છે. જેમાં તે ખૂબ જ ડરામણા લુકમાં જોવા મળશે. તેનો ફર્સ્ટ લુક પણ બહાર આવ્યો છે. ખરેખર, આ પ્રોજેક્ટમાં અભિનેત્રી બાલ્ડ એટલે કે ટકલી ડાકણ બની ગઈ છે. તેનો આ લુક જોઈને બધા દંગ રહી ગયા અને સોશિયલ મીડિયા પર દરેક પ્રકારના સવાલો પૂછી રહ્યા છે.ખરેખર, હાલમાં જ નીના ગુપ્તાનો એક વીડિયો યુટ્યુબ ઈન્ડિયા ઈન્સ્ટાગ્રામ પેજ પર શેર કરવામાં આવ્યો છે. જે હવે ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં ૬૫ વર્ષની નીના ગુપ્તા સોનેરી આંખો અને લીલા ચહેરાવાળી બાલ્ડ ડાકણ બની ગઈ છે. તેના લુકથી યુઝર્સને પણ આશ્ચર્ય થયું છે. વીડિયોમાં નીના સાથે બ્યુટી એન્ડ લાઈફસ્ટાઈલ સ્ટાર્સ શિવશક્તિ સચદેવ, ઈશિતા મંગલ અને શક્તિ સિધવાની પણ જોવા મળે છે.આ વીડિયોની શરૂઆત વોઈસ ઓવરથી થાય છે. જેમાં સાંભળવામાં આવ્યું છે કે એકવાર ત્રણ યુટ્યુબર્સ કિડનેપ થઈ જાય છે. બાલ્ડ ચૂડેલના હાથે. આ પછી નીના ગુપ્તાએ શાનદાર એન્ટ્રી કરી છે. તેના માથા પર વાળ નથી, તેનો ચહેરો સંપૂર્ણપણે લીલો છે અને તેની આંખો સોનેરી છે. પ્રવેશતાં જ તે કહે છે, ‘હું મીમ્સ બનાવીને કંટાળી ગયો છું.’ હવે તમે ત્રણેય જણ મને બેબ બનાવશો. અભિનેત્રીના આ વીડિયોને અત્યાર સુધીમાં હજારો કોમેન્ટ્સ અને લાખો વ્યૂઝ મળી ચૂક્યા છે.

### મુકેશ છાબરાએ દેશભરની ટેલેન્ટને આવકારી

# ‘બેબી’ ફીલ્મની રીમેકમાં નવા ચહેરાની શોધ





બોલિવૂડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આજકાલ કાસ્ટિંગ ડિરેક્ટર તરીકે મુકેશ છાબરાનું નામ જાણીતું થઈ રહ્યું છે. તેમના ખાતામાં ‘ગેંગ્ઝ ઓફ વાસેપુર’, ‘કાઈપો છે’, ‘બજરંગી ભાઈજાન’, ‘દંગલ’ અને ‘ટ્યુબલાઈટ’ જેવી ફિલ્મો છે. તાજેતરમાં તેમણે પોતાના ઈન્સ્ટાગ્રામ પર જાહેરાત કરી છે કે તેઓ નવી હિરોઈન માટે દેશભરમાં શોધખોળ કરી રહ્યા છે. જે છોકરી પસંદ કરવામાં આવશે તે તેલુગુ ફિલ્મ ‘બૅબી’ની હિન્દી રીમેકમાં મુખ્ય હિરોઈનનો રોલ કરશે. આ ફિલ્મ સાથે અલ્લુ અરવિંદ, એસકેએન અને મધુ મન્ટેના જેવા નામ જોડાયેલાં છે. મુકેશ છાબરાએ આ અંગે જાહેરાત કરતા પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો. તેમાં તેમણે યોગ્ય ઉમેદવારની અરજીઓ મંગાવી છે. તેમાં દર્શાવાયેલા લાયકાતના ધોરણો મુજબ કોઈ પણ પ્રકારની ત્વચા ધરાવતી દેશની કોઈ પણ રાજ્યની ૧૮થી ૨૩ વર્ષની છોકરી તેના માટે અરજી કરી શકે છે. આ રોલ માટે નવા ચહેરાની શોધમાં અલ્લુ અરવિંદ, મધુ મોન્ટેના અને એસકેએન પણ મહેનત કરી રહ્યા છેઆનંદ દેવરકોંડાની ફિલ્મ ‘બૅબી’ ૨૦૨૩માં રિલીઝ થઈ હતી. તેમાં વૈષ્ણવી ચૈતન્ય, આનંદ દેવરકોંડા અને વિરાજ અશ્વિને મુખ્ય ભુમિકાઓ ભજવી હતી.



# રિતિકના પરિવાર પર બનશે ખાસ સીરીઝ

### પ્રખ્યાત કપલ સલીમ-જાવેદ પર એક ડોક્યુમેન્ટરી સીરિઝ રિલીઝ થઈ હતી




હૃતિક રોશને તેના પરિવાર પર આધારિત શ્રેણી ‘ધ રોશન્સ’ની જાહેરાત કરી છે. તેની રિલીઝ ડેટ હજુ જાહેર કરવામાં આવી નથી. આ શ્રેણીમાં હિન્દી ફિલ્મોમાં રોશન પરિવારનું યોગદાન બતાવવામાં આવશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેની રિલીઝ ડેટ રિતિકના જન્મદિવસ પર જાહેર કરવામાં આવશે.થોડા મહિનાઓ પહેલા હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના પ્રખ્યાત કપલ સલીમ-જાવેદ પર એક ડોક્યુમેન્ટરી સીરિઝ રિલીઝ થઈ હતી. હવે રિતિક રોશનના પરિવાર પર એક સીરિઝ આવી રહી છે, જેનું નામ છે ‘ધ રોશન્સ’. તે ક્યારે રિલીઝ થશે તે હજુ જાહેર કરવામાં આવ્યું નથી, પરંતુ તે ક્યાં રિલીઝ થશે તે જણાવવામાં આવ્યું છે.રિતિક રોશને સોશિયલ મીડિયા પર ધ રોશન્સની જાહેરાત કરી હતી. પોસ્ટ શેર કરતી વખતે, તેણે લખ્યું, ‘પરિવાર સાથે વારસા અને પ્રેમ દ્વારા એક સફર, જે હિન્દી સિનેમામાં સંગીત, જાદુ અને યાદગાર ક્ષણો લઈને આવી. રોશન, ટૂંક સમયમાં આવી રહ્યું છે.‘વોર ૨’ના ક્લાઈમેક્સ સીનમાં રિતિક રોશન અને જુનિયર એનટીઆર વચ્ચે જબરદસ્ત એક્શન જોવા મળશે, ૧૫ દિવસ સુધી શૂટિંગ ચાલશે.હૃતિક રોશને જણાવ્યું છે કે આ સીરીઝ ઓટીટી પ્લેટફોર્મ નેટફિલક્સ પર રિલીઝ થશે. પરંતુ તેણે હજુ સુધી રિલીઝ ડેટ જાહેર કરી નથી. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ શો રિતિકના જન્મદિવસ પર આવી શકે છે. તેમનો જન્મદિવસ ૧૦ જાન્યુઆરીએ ઉજવવામાં આવશે.રિતિક રોશને ફિલ્મ ‘કહો ના... પ્યાર હૈ’થી અભિનયની દુનિયામાં પ્રવેશ કર્યો હતો. આ પછી તેણે ‘કોઈ... મિલ ગયા’, ‘ક્રિશ’, ‘જોધા અકબર’ જેવી ઘણી હિટ ફિલ્મો આપી છે.

# ઈરફાનનો પુત્ર બાબિલ ડિપ્રેશનમાં સરી પડ્યો

### બાબિલની માતા સુતાપાએ વિનવણી કરી કે પ્લીઝ મારા પુત્રની સરખામણી તેના પિતા સાથે કરવાનું બંધ કરો



દિવંગત અભિનેતા ઈરફાન ખાનનો પુત્ર બાબિલ અત્યારે ડિપ્રેશનમાં છે. આ વાતનો ખુલાસો તેની માતા સુતાપા સિકદરે કર્યો છે. સુતાપાએ તેમના બાળકને એકલા છોડી દેવાની વિનંતી કરી અને કહ્યું કે બાબિલ તેના પિતા ઈરફાન સાથે સરખામણી કરવાને કારણે ખુબ દબાણમાં છે.તેની સરખામણી તેના પિતા સાથે ન કરો.દિવંગત અભિનેતા ઈરફાન ખાનનો પુત્ર બાબિલ આ સમયે ખૂબ જ નારાજ છે. તેના પર ઘણું દબાણ છે અને તે લગભગ ડિપ્રેશનમાં છે. આ ખુલાસો તેની માતા અને લેખક-નિર્માતા સુતાપા સિકદરે કર્યો છે. સુતાપાના જણાવ્યા અનુસાર, બાબિલ તેના પિતા ઈરફાન સાથે સતત સરખામણીને કારણે પરેશાન થઈ ગયો છે, જ્યારે પરિવાર હજુ પણ તેના જવાના આઘાતમાંથી બહાર આવ્યો નથી.સુતાપા સિકદરે કહ્યું,કે ‘બાબિલ પર ઘણું દબાણ છે અને મને તે યોગ્ય નથી લાગતું. આવું દબાણ ન હોવું જોઈએ. ઈરફાન પર આવું દબાણ ક્યારેય નહોતું. જ્યારે તમારા પર કોઈ દબાણ નથી, ત્યારે તમારી પોતાની ઓળખ સામે આવે છે. તે માત્ર કામ વિશે નથી, પણ પિતાને ગુમાવવા વિશે પણ છે.સુતાપા સિકદરે વધુમાં કહ્યું, ‘તે અત્યારે લગભગ ડિપ્રેશનમાં છે.તેનું કારણ તણાવ અને સરખામણી છે તે ખૂબ જ નબળો છે, અને તેની પાસે લડવાની ભાવના નથી. તેના પિતા ખૂબ જ મજબૂત હતા અને હું પણ હતી , પણ તે એવો નથી.સુતાપાએ અભિષેકનું ઉદાહરણ આપ્યુંસુતાપાએ ફરી એક ઉદાહરણ આપ્યું અને કહ્યું, ‘હવે જેમ અભિષેક બચ્ચને આઈ વોન્ટ ટુ ટોકમાં સારું કામ કર્યુ હતું, પરંતુ અમિતાભ બચ્ચન સાથે જે પણ સરખામણી કરવામાં આવી હતી.

# જિલ્લા પંચાયતના પ્રમુખ ભીમસિંહભાઈ તડવીની ઉપસ્થિતિમાં દેડીયાપાડાના વેરાઈ માતા મંદિર પ્રાંગણમાં રવિ કૃષિ મહોત્સવ - ૨૦૨૪નો કાર્યક્રમ યોજાયો

। (માહિતી) સુરત, તા.૬ ।

રાજય સરકાર દ્વારા ખેડૂતોને રવિ સીઝનમાં રવિ પાકો વિષે આધુનિક કૃષિ પદ્ધતિ સાથે તાંત્રિકતા અંગે માર્ગદર્શન તેમજ ખેડુતલક્ષી વિવિધ યોજનાઓ અંગેની સમજ મળી રહે તે હેતુસર બે દિવસીય રવિ કૃષિ મહોત્સવનું રાજ્યભરમાં આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે દેડીયાપાડા તાલુકા મથકે વેરાઈ માતા મંદિરના પ્રાંગણમાં જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભીમસિંહ તડવીની અધ્યક્ષતામાં રવિ કૃષિ મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪ના પ્રારંભ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભિમસિંહભાઈ તડવીએ જણાવ્યું કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર ખેડૂતોને કેન્દ્રમાં રાખીને પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી ખેડૂતોની આવક બમણી થાય તે દિશામાં અનેક હિતકારી કાર્યો કરી રહી છે. નાગરિકોને રસાયણ વિનાનો શુધ્ધ આહાર મળી રહે તે માટે પ્રાકૃતિક કૃષિને વેગવંતી બનાવવા માટે સરકાર દ્વારા સતત પ્રયત્નો થઈ રહ્યા છે. ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી પણ સમગ્ર રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનું વ્યાપક પ્રમાણમાં અભિયાન ચલાવી ભાવિ પેઢીને સ્વસ્થ જીવનની ભેટ આપવાનો અભિગમ અપનાવી રહ્યા છે. રાજ્યપાલશ્રીના આ અભિગમને નર્મદા જિલ્લાના ખેડૂતો પણ સહર્ષ સ્વીકારી રસાયણિક ખાતર અને જંતુનાશકોનો ત્યાગ કરી ગામે ગામ ખેડૂતો



પ્રાકૃતિકકૃષિકરતાથયાછે.જિલ્લાપંચાયતબાંધકામ સમિતિના ચેરમેનશ્રી ખાનસિંગભાઈ વસાવાએ જણાવ્યું કે, સમગ્ર જીવ સૃષ્ટિ માટે ખેડૂતોનું સ્થાન અનોખું રહેલું છે અને તેથી જ આપણી ભારતીય સંસ્કૃતિમાં ખેડૂતને જગતના તાત તરીકેની પણ ઓળખ અપાઈ છે.

ખેડૂતોની અર્થતંત્રમાં મહત્વની ભૂમિકાને વધુ મજબૂત બનાવવા માટે રાજ્ય સરકાર કૃષિ મહોત્સવના માધ્યમથી ખેડૂતોને વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવા માટેનું નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન પુરૂં પાડી પ્રાકૃતિક કૃષિનું માર્ગદર્શન પુરૂં પાડી ખેડૂતોને પગભર કરવાના સરાહનીય પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪નો હેતુ ખેડૂતોમાં રવિ પાક માટેની નવી ટેકનોલોજી, પાક ઉત્પાદન અને સક્ષમ ખેતી પદ્ધતિઓ અંગે જાગૃતિ ફેલાવવા અને તેઓને માર્ગદર્શન પૂરૂં પાડવાનો છે. આ કાર્યક્રમમાં કૃષિ નિષ્ણાંતોએ રવિ પાક માટે યોગ્ય ખાતર, બિયારણ અને ખેતી પદ્ધતિઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

# ભારતીય રેલવે પર ટ્રેક નિરીક્ષણનું યાંત્રી કરણ

। અમદાવાદ, તા.૬ ।

ભારતીય રેલવે (IR) એ ટ્રેક નિરીક્ષણના યાંત્રિકરણ ની દિશામાં પ્રગતિ કરી છે. આનાથી પરંપરાગત પદ્ધતિમાં સુધારો થયો જે મુખ્ય માણસો,પી-વે ગેંગ અને અન્યો દ્વારા મેન્યુઅલી તપાસ પર આધાર રાખતી હતી. માનનીય રેલ્વે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે ભારતીય રેલ્વેના દરેક ઝોનને રેલ્વે ટ્રેકની દેખરેખ માટે ટ્રેક રેકોર્ડીંગ કાર આપવામાં આવશે.

**આઈટીએમએસ શું છે?**

ઈન્ટિગ્રેટેડ ટ્રેક મોનિટરિંગ સિસ્ટમ (આઈટીએમએસ) એ એક સિસ્ટમ છે જે ટ્રેક રેકોર્ડિંગ કાર (ટીઆરસી ) માં ઈન્સ્ટોલ કરવામાં આવે છે. આ સિસ્ટમમાં રેલ ટ્રેકના પરિમાણોને રેકોર્ડ કરવાની અને ૨૦ - ૨૦૦ હર્ટ્ઝની સ્પીડ રેન્જમાં ટ્રેકને મોનિટર કરવાની ક્ષમતા છે. આ સિસ્ટમ વિવિધ તકનીકોનું સંયોજન છે જે સુરક્ષિત અને કાર્યક્ષમ રેલ કામગીરી સુનિશ્ચિત કરતી વખતે રેલ્વે ટ્રેક સાથે સંકળાયેલા પરિમાણોને માપવામાં મદદ કરે છે.

**તે શું કરે છે?**

આઈટીએમએસ વિવિધ ઓન-બોર્ડ સેન્સર, કેમેરા વગેરેમાંથી ડેટા એકત્રિત કરવા, તેનું વિશ્લેષણ કરવા અને પ્રક્રિયા કરવા માટે ડેટા એનાલિટિક્સ અને એક સંકલિત સોફ્ટવેરનો ઉપયોગ કરે છે. તે ભારતીય રેલ્વેના ટીએમએસ (ટ્રેક મેનેજમેન્ટ સિસ્ટમ) સાથે સંકલિત કરવામાં આવ્યું છે જેથી કરીને દરેક રેલ્વે ટ્રેક રેકોર્ડિંગ રનના અહેવાલો ટીએમએસ પોર્ટલ પર ઉપલબ્ધ થઈ શકે.

**ટીઆઇએમએસ શું છે?**

ટીઆઈએમએસ (ટ્રેક ઈન્સ્પેક્શન એન્ડ મોનિટરિંગ સિસ્ટમ) એક નિરીક્ષણ સિસ્ટમ છે.

મેક ઈન ઈન્ડિયા - સિસ્ટમ સંપૂર્ણપણે ભારતમાં જ બનાવવામાં આવશે. માત્ર ભારતીય કંપનીઓને જ ટેન્ડરમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવી છે. તેઓ વિદેશી કંપનીઓ સાથે મળીને કામ કરી શકે છે.

ટીઆઈએમએસ નો મુખ્ય ઉદ્દેશ યાંત્રિક રીતે ટ્રેક કમ્પોનેન્ટ અને ટ્રેક સ્ટ્રક્ચરના મેન્યુઅલ નિરીક્ષણની વર્તમાન પદ્ધતિ પર નિર્ભરતા ઘટાડવાનો છે જે દર મહિને કરવામાં આવશે.

**ભારતીય રેલ્વે પર ટીઆઇએમએસ**

પશ્ચિમ રેલ્વેને સમગ્ર ભારતીય રેલ્વે માટે TIMS ની પ્રાપ્તિ માટે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરવાની સત્તા આપવામાં આવી છે. TIMS સિસ્ટમના ૧૬ એકમોની ખરીદી માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે અને તે સમગ્ર ભારતીય રેલ્વે માટે પશ્ચિમ રેલવે દ્વારા પ્રાપ્ત કરવામાં આવશે. ૧૯.૧૧.૨૦૨૪ ના રોજ ટેન્ડર ખોલવામાં આવ્યું છે.

# ઝાલોદ મહિલા પોલીસને મંદબુદ્ધિ મહિલા મળી આવતા તેને મહિલા સેવા ટ્રસ્ટને સોપવામાં આવી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૬ ।

ઝાલોદ નગરમાં ફરતી એક મંદબુદ્ધિ મહિલા અંગે નગરમા ફરતા રીક્ષા ચાલકને ધ્યાને આવતા તેઓએ નગરના સામાજિક કાર્યકર્તા એવા સંતોષ ભગોરા, મહેરાજ પરમાર, હેમંત ચૌહાણનો સંપર્ક કર્યો હતો. મંદબુદ્ધિ મહિલા સાથે કાંઈક અજુગતી ઘટના ન સર્જાય તે હેતુથી સામાજિક કાર્યકર્તાઓ દ્વારા તાત્કાલિક નગરના પોલિસ સ્ટેશન ખાતે સંપર્ક કરવામાં આવ્યો હતો.

આ મહિલા ૦૪-૧૨-૨૦૨૪ ના રોજ રાત્રી દરમ્યાન મળી આવી હતી. આ માહિતી મળતાની સાથે મહિલા એ.એસ.આઈ રેખાબેન નિસરતા દ્વારા તાત્કાલિક જે તે સ્થળે પહોંચી મહિલાને પોલિસના કબજામાં લઈ તેની મેડીકલ રિપોર્ટ કરાવી પ્રાથમિક સારવાર કરવામાં આવી હતી. આ મહિલા મંદબુદ્ધિ હોવાથી તેને એક દિવસ પોલિસ દ્વારા તેની જાણકારી મેળવવાના પ્રયાસ રૂપે રાખવામાં આવી હતી પરંતુ મહિલા ક્યાંની છે, ક્યાંથી આવી તે



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

અંગે તે કાંઈ પણ બતાવી શકી ન હતી તેથી મહિલા એ.એસ.આઈ રેખાબેન દ્વારા ડી.વાય.એસ.પી પટેલ અને પી.આઈ રાઠવાનુ માર્ગદર્શન મેળવી આ મહિલાને પોલિસના વાહનમાં જય અંબે મંદબુદ્ધિ મહિલા સમાજ સેવા ટ્રસ્ટ બાયડ ખાતે સોપવામાં આવી હતી. ઝાલોદ નગરની પોલિસે નગરના સામાજિક કાર્યકર્તાઓની મદદથી સુંદર અને સરાહનીય કામગીરી કરેલ હતી.

# ઝાલોદ પોલિસ દ્વારા રાત્રીના સમયમાં ડ્રોન દ્વારા વિવિધ વિસ્તારોમાં ફરતા અસામાજિક તત્વો પર નજર રાખવામાં આવી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૬ ।

તારીખ ૦૫-૧૨-૨૦૨૪ ની રાત્રી દરમિયાન દાહોદ જિલ્લા પોલિસ અધિક્ષક રાજદીપસિંહ ઝાલાના આદેશ મુજબ ઝાલોદ ડી.વાય.એસ.પી ડી.આર.પટેલના માર્ગદર્શન હેઠળ પી.આઈ રાઠવા દ્વારા રાત્રી દરમ્યાન ફરતા લોકો પર વોચ રાત્રી દરમ્યાન તળાવ વિસ્તાર અને સરદાર પટેલ ચોકમાં ઉભા રહી નગરના રસ્તા તેમજ સુમસામ જણાતા વિસ્તારોમાં બારીકાઈ થી ડ્રોન દ્વારા પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

ઝાલોદ પોલીસના પી.આઈ રાઠવા દ્વારા પોલિસ સ્ટાફ સાથે રાખી વિવિધ વિસ્તારોમાં રાત્રી દરમ્યાન ચુસ્ત પોલિસ બંદોબસ્ત ગોઠવી તેમજ નાઈટ દરમ્યાન સતત પેટ્રોલીંગ કરી રાત્રી દરમ્યાન ફરતા લોકો પર સતત વોચ રાખી કાયદો વ્યવસ્થા જાળવવાનો પ્રયત્ન કરે છે તેમજ નગરમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેની તકેદારી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

રાખવાનો સંપૂર્ણ પ્રયાસ કરતી રહે છે. આજે વધુ ચુસ્ત રીતે રાત્રી દરમ્યાન અસામાજિક તત્વો તેમજ ગેરકાયદેસર હેરાફેરી કરનાર લોકો પર દેખરેખ રાખવા માટે નગરના રસ્તા તેમજ સુમસામ જણાતા ખૂણા અને ઝાડી ઝાખરાઓ થી છવાયેલ ખેતરમાં ડ્રોન દ્વારા બારીકાઈ થી નિરીક્ષણ રાખી રાત્રી દરમ્યાન હિલચાલ કરતા લોકો પર બારીકાઈ થી નજર રાખી કાયદો વ્યવસ્થા ન બગડે તેની તકેદારી રાખવામા આવી હતી.

# દાહોદ જિલ્લામાં ઝાલોદ તાલુકાના કંબોઇ ધામ ખાતે પ્રાંત અધિકારી એ. કે. ભાટિયાએ રવિ કૃષિ મહોત્સવનો શુભારંભ કરાવ્યો



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૬ ।

ગુજરાતના ખેડૂતોને પ્રવર્તમાન સમયને અનુરૂપ કૃષિ પદ્ધતિઓ અને નવતર અભિગમોથી પરિચિત કરાવવાના શુભ આશયથી સમગ્ર રાજ્યમાં રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત આજરોજ દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના કંબોઈ ધામ ખાતે ઝાલોદ પ્રાંત અધિકારી એ. કે. ભાટિયાએ રવિ કૃષિ મહોત્સવનો શુભારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે કૃષિ વૈજ્ઞાનિક ડૉ. એન. ટી. મકવાણાએ રવિ પાકો વિશે વૈજ્ઞાનિક પદ્ધતિનું માર્ગદર્શન અને જાણકારી આપી હતી તેમજ પ્રાકૃતિક ખેતી વિશેની જાણકારી ડૉ. કૃષિ વૈજ્ઞાનિક બી. જે. સંગાડાએ આપી હતી. ઉપરાંત ઉપસ્થિત રહેલા પ્રાકૃતિક ખેતી અપનાવતા પ્રગતિશીલ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવ્યા પછીના પોતાના અનુભવો રજૂ કરીને તમામ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવવા માટે અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ઝાલોદ પ્રાંત અધિકારી એ. કે. ભાટિયા તેમજ ઉપસ્થિત અન્ય મહાનુભાવોના હસ્તે કૃષિ અને પશુપાલન વિભાગની વિવિધ સહાય યોજનાઓના લાભાર્થીઓને મંજૂરી સહાય હુકમોના વિતરણ કરવામાં આવ્યા હતા, તેમજ કૃષિ મહોત્સવ સ્થળે પ્રદર્શન અર્થે રાખવામાં આવેલ વિવિધ વિભાગના સ્ટોલોની મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે તાલુકા પંચાયત ઉપપ્રમુખ નિશાબેન નિનામા સહિત અન્ય મહાનુભાવો તેમજ મામલતદાર એસ.એમ.પરમાર, ઝાલોદ તાલુકા વિકાસ અધિકારી કલ્પેશ ગઢવી, ઝાલોદ મદદનીશ પશુપાલન નિયામક ડી. એસ. મેવાતિયા, ખેતી અધિકારી, પશુ ચિકિત્સક અધિકારી સહિત મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# નવસારી જિલ્લાના તમામ તાલુકાઓમાં બે દિવસીય 'રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪'નો શુભારંભ

। (માહિતી) નવસારી, તા.૬ ।

રાજ્યના ખેડૂતોને રવિ સિઝનના વિવિધ પાકો માટે અત્યાધુનિક ટેકનોલોજીના ઉપયોગ, પ્રાકૃતિક ખેતી તેમજ કૃષિલક્ષી-ખેડૂત કલ્યાણ માટેની યોજનાઓ અંગેની સમજ આપવાના ઉદ્દેશ્યથી રાજ્યભરના ૨૪૬ તાલુકાઓમાં આયોજીત દ્વિ-દિવસીય 'રવિ કૃષિ મહોત્સવ' અંતર્ગત આજે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પરેશભાઈ દેસાઈએ ચીખલી તાલુકા કક્ષાના કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો.

આ સાથે જ નવસારી જિલ્લાના તમામ તાલુકાઓમાં પણ મહાનુભાવોની ઉપસ્થિતિમાં બે દિવસીય 'રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪'નો શુભારંભ કરવામાં આવ્યો હતો. કૃષિ વિકાસ એ સરકારની પ્રાથમિકતા છે તેમ કહીને જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી પરેશભાઈ દેસાઈએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવી માતૃભૂમિને બચાવવા તેમજ 'તંદુરસ્ત સમાજ'ના નિર્માણ માટે આગળ આવવા આહ્વાન કર્યું હતું. તેમણે પ્રાકૃતિક ખેતી માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની નેતૃત્વવાળી સરકાર કટિબદ્ધ હોવાનું જણાવી વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે દેશી ગાય આધારિત કુદરતી ખેતી થકી ખેડૂતોને યોગદાન આપવાનું જણાવ્યું હતું. સરકારના હૈયે ખેડૂતોનું હિત વસેલું છે તેમ જણાવી શ્રી દેસાઈએ ખેડૂતોની આવક બમણી કરવા માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અનેક સફળ પહેલ કરી હોવાનું જણાવ્યું હતું. તેમણે ખેડૂતોને વિવિધ કૃષિ યોજનાઓનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

# પશ્ચિમ રેલવે ચલાવશે અમદાવાદ-થિવીમ વચ્ચે દ્વિ-સાપ્તાહિક ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન

। અમદાવાદ, તા.૬ ।

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને થિવીમ વચ્ચે વિશેષ ભાડા પર દ્વિ-સાપ્તાહિક ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. જેની વિગતો નીચે મુજબ છે.

ટ્રેન નં. ૦૯૪૧૨/૦૯૪૧૧ અમદાવાદ-થિવિમ દ્વિ-સાપ્તાહિક ફેસ્ટિવલ સ્પેશિયલ (કુલ ૧૬ ટ્રિપ્સ)

ટ્રેન નં. ૦૯૪૧૨ અમદાવાદ-થિવિમ સ્પેશિયલ ૦૮ ડિસેમ્બર ૨૦૨૪ થી ૦૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધી દર રવિવાર અને બુધવારે અમદાવાદથી ૧૪.૨૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૧.૦૦ કલાકે થિવીમ પહોંચશે.

તેવી જ રીતે ટ્રેન નં. ૦૯૪૧૧ થીવીમ-અમદાવાદ સ્પેશિયલ ૦૯ ડિસેમ્બર ૨૦૨૪ થી ૦૨ જાન્યુઆરી ૨૦૨૫ સુધી દર સોમવાર અને ગુરુવારે થિવીમથી ૧૧.૪૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૮.૪૫ કલાકે અમદાવાદ પહોંચશે.

માર્ગમાં, બંને દિશામાં, આ ટ્રેન આણંદ, વડોદરા, ભરૂચ, ઉધના, વલસાડ, વાપી, પાલઘર, વસઈ રોડ, પનવેલ, રોહા, માનગાંવ, ખેડ, ચિપલુણ, સંગમેશ્વર રોડ, રત્નાગીરી, રાજાપુર રોડ, કનકવલી, કુડાલ અને સાવંતવાડી રોડ સ્ટેશનો પર ઉભી રહેશે.

આ ટ્રેનમાં એસી ૨ ટાયર, એસી ૩ ટાયર, સ્લીપર અને જનરલ ક્લાસ કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૪૧૨ નું બુકિંગ ૦૭ ડિસેમ્બર ૨૦૨૪ થી તમામ પીઆરએસ કાઉન્ટર્સ અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# કામરેજ તાલુકાના સેવણી ગામે તાલુકા કક્ષાના બે દિવસીય રવિ કૃષિ મહોત્સવનો શુભારંભ

। (માહિતી) સુરત, તા.૬ ।

રાજ્યના ખેડૂતોને રવિ સિઝનમાં રવિ પાકો વિષે આધુનિક કૃષિ તાંત્રિકતાનું માર્ગદર્શન તેમજ ખેડૂતલક્ષી યોજનાઓ અંગેની સમજ મળી રહે તે હેતુસર કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા કામરેજ તાલુકાના સેવણી ગામે તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતિ રેખાબેન પટેલના હસ્તે બે દિવસીય તાલુકા કક્ષાના રવિ કૃષિ મહોત્સવને ખૂલ્લો મૂકાયો હતો. જેમાં વિવિધ ૨૨ સ્ટોલ દ્વારા પ્રાકૃતિક કૃષિ પેદાશો, રસાયણ વિનાની દવાઓ, પ્રાકૃતિક કૃષિની ઉપયોગિતા તેમજ ખેતરમાં વપરાતા વિવિધ સાધનોનું પ્રદર્શન યોજાયું હતું.

મહાનુભાવોના હસ્તે ખેડૂતોને ખેતીવાડીના વિવિધ સહાયના મંજૂરીપત્રો, આયુષ્માન કાર્ડ તેમજ મહિલા ખેડૂતોને માતૃશક્તિ પોષક આહારનું વિતરણ કરાયું હતું. તા.૭મી સુધી ખેડૂતો મહોત્સવની મુલાકાતલઈશકશે.સેવણીનારામજીમંદિરના પટાંગણમાં આયોજિત કાર્યક્રમમાં રેખાબેને પટેલે જણાવ્યું હતું કે, ખેડૂતો આધુનિક ખેતી પધ્ધતિથી ખેતી કરતા થાય અને વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરે તેવા આશયથી રાજ્ય સરકાર દ્વારા રવિ કૃષિ મહોત્સવ યોજવામાં આવે છે. કૃષિ મહોત્સવ, વિવિધ યોજનાઓ અને ખેડૂતોની જાગૃત્તિના કારણે રાજ્યનું ખેત ઉત્પાદન વધ્યું છે. ખેડૂતો સરકારની યોજનાઓનો લાભ લઈને આર્થિક સમૃધ્ધિ તરફ અગ્રેસર બને તેવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી. આ અવસરે કૃષિ વૈજ્ઞાનિક ડો.વી.એ.પાટીલે મિલેટ્સ પાકોમાં મૂલ્યવર્ધન વિશે માહિતી આપી જુવાર, રાગી, બાજરી, કાંગ, બંટી જેવા મિલેટ્સનુ મહત્વ સમજાવી ખોરાકમાં નિયમિતપણે મિલેટસને સામેલ કરવાનો અનુરોધ કર્યો હતો.

# વલસાડમાં બેટી બચાઓ, બેટી પઢાઓ અંતર્ગત માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ વિષય પર સેમિનાર યોજાયો

। (માહિતી) વલસાડ, તા.૬ ।

વલસાડ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા "બેટી બચાઓ, બેટી પઢાઓ" યોજના અંતગર્ત તા. ૨૫ નવેમ્બર (International Day for the Elimination of violence against women) થી તા.૧૦ ડિસેમ્બર (Human Rights Day) સુધી મહિલાઓ વિરુદ્ધ થતી હિંસા નાબૂદી અભિયાન અંતર્ગત ૧૬ દિવસ સુધી મહિલાઓ અને કિશોરીઓ પર થતી જાતિગત હિંસા સંબંધિત મુદ્દાઓને અનુલક્ષી વિવિધ થીમ આધારિત જાગૃતિ કાર્યક્રમો જિલ્લાના વિવિધ વિસ્તારમાં કરવામાં આવી રહ્યાં છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે આજે હાથ ધરાયેલું સ્વચ્છતા અભિયાન માનસિક શાંતિ તથા રાહત બક્ષશે. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. ઘરમાં સમસ્યાઓ ઊભી થઈ શકે છે-જો તમે તમારા પરિવારના સભ્યો સાથે સમય નહીં વિતાવો તો. સાંજ માટે કશું ખાસ આયોજન કરો અને તેને થઈ શકે એટલું રોમેન્ટિક બનાવવાનો પ્રયાસ કરો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપજો. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. તમારા પરિવારના સભ્યો તમારા પ્રયાસો તથા સમર્પણની સરાહના કરશે. ચેતતા રહેજો કોઈક તમારી સાથે ખોટી પ્રણયચેષ્ટાઓ કરશે. તમારો પ્રેમ એક નવી ઊંચાઈએ પહોંચશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે કામનું દબાણ આજે તાણ તથા ટૅન્શન લાવી શકે છે. આજ ના દિવસે ઘર માં કોઈ ઇલેક્ટ્રિક વસ્તુ ખરાબ થવા ના લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે. તમારા માતા-પિતા સાથે તમારી ખુશી વહેંચો. તેમની એકલાપણા તથા હતાશાની લાગણીને ડૂંસી નાખી તેમને લાગવા દો કે તેમનું મહત્વ છે. એકમેક માટે જીવન ઓછું તકલીફદાયક બનાવવા સિવાય જીવવાનો અર્થ શો છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે. તમે જેની સાથે રહો છો એમાથી કોઈ તમારાથી નારાજ છે કેમ કે તમે તમારી ઘરને લગતી ફરજોને નજરઅંદાજ કરી રહયા છો. રૉમેન્ટિક મૂડમાં એકાએક પરિવર્તન તમને હતાશ કરશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારૂં અવિચારી વર્તન તમારા મિત્ર માટે કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. જે લોકો ની અત્યાર સુધી પગાર નથી આવી તે લોકો પૈસા માટે પરેશાન રહી શકે છે અને પોતાના મિત્રો થી ઉધાર માંગી શકે છે. કોઈપણ અંતિમ નિર્ણય લેતા પૂર્વે તમારા પરિવારના સભ્યોનો અભિપ્રાય લો. તમારા દ્વારા એકલપંડે લેવાયેલો નિર્ણય કોઈક સમસ્યા ઊભી કરી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમે તમારા હકારાત્મક અભિગમ તથા આત્મવિશ્વાસ દ્વારા તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરો એવી શક્યતા છે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. બાળકો સાથે સમય વિતાવવો મહત્વપૂર્ણ છે. તમારૂં કામ ઓછી મહત્વતા પ્રાપ્ત કરશે-કેમ કે તમને તમારા પ્રિયપાત્રની બાહોંમાં રાહત, આનંદ તથા અત્યંત લાગણીનો તરંગ મળ્યો છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે. એકાએક થયેલો રૉમેન્ટિક મેળાપ તમારા મિજાજને ખીલવશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે જે અશક્ય છે તે વિશે બિનજરૂરી વિચાર કરીને તમારી શક્તિ વેડફતા નહીં, એના કરતાંતેનો ઉપયોગ યોગ્ય દિશામાં કરો. જે લોકો ની અત્યાર સુધી પગાર નથી આવી તે લોકો પૈસા માટે પરેશાન રહી શકે છે અને પોતાના મિત્રો થી ઉધાર માંગી શકે છે. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે લાંબા ગાળાની બીમારીમાંથી તમે સાજા થશો. પણ સ્વાર્થી તથા ઝટ ગુસ્સે થઈ જાય એવી વ્યક્તિને ટાળજો કેમ કે એ તમારી તાણ વધારી શકે છે-જે તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. આજે તમારી સમક્ષ આવતી મૂડીરોકાણની નવી તકોને જાણો- પણ પ્રકલ્પના લાભ-હાનિ જાણ્યા બાદ જ તમારી જાતને નિર્ણય લેવા તૈયાર કરો. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. પ્રેમ એ ઈશ્વરની પૂજા સમાન છે, તે ખૂબ ધાર્મિક તથા આધ્યાત્મિક બાબત પણ છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે ઘરની બહારની પ્રવૃત્તિઓ તમને લાભ કરાવશે. કિલ્લા જેવી જીવનશૈલી તથા હંમેશાં સુરક્ષાની ચિંતા કરવી એ બાબત તમારી માનસિક તથા શારીરિક વિકાસ પર અસર કરશે. આ બાબત તમને નર્વસ કરી મુકશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે ઘરની ચિંતાઓ તમને બેચેન કરી મુકશે. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. સમગ્રતઃ લાભદાયી દિવસ પણ તમે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો એવું તમે વિચારો છો એ તમને નિરાશ કરશે.

## ન્યૂઝ બ્રિફ

### અમેરિકાના નોર્થ કેલિફોર્નિયામાં ૭.૦ની તીવ્રતાનો ભૂકંપ

। (એજન્સી) નોર્થ કેલિફોર્નિયા, તા.૬ ।

અમેરિકાના ઉત્તર કેલિફોર્નિયામાં ગુરુવારે એક ભયાનક ભૂકંપ બાદ અધિકારીઓએ પહેલા સુનામીનું એલર્ટ જાહેર કર્યું હતું. જોકે થોડીવાર પછી રદ કર્યું હતું. અમેરિકન જિયોલોજિક સરવે અનુસાર આ ભૂકંપનો જોરદાર આંચકો સવારે ૧૦:૪૪ વાગ્યે ફેરંડેલ અને જો ઓરેગન સરહદ નજીક હમ્બોલ્ટ કાઉન્ટીના એક નાનકડાં શહેરની પશ્ચિમે અનુભવાયો હતો. માહિતી અનુસાર સાન ફ્રાન્સિસ્કો સુધી ભૂકંપના આંચકા અનુભવાયા હતા. લોકોએ જણાવ્યું કે આંચકા એટલા જોરદાર હતા કે તેઓ જાણે રીતસરના હિંચકા પર ઝૂલતા હોય તેવું લાગ્યું હતું. જોકે તેના બાદ પણ એક પછી એક અનેક આંચકા અનુભવાયા. સાન ફ્રાન્સિસ્કો બે એરિયા રેપિડ ટ્રાન્ઝિટ ડિસ્ટ્રિક્ટ એ સાન ફ્રાન્સિસ્કો અને ઓકલેન્ડ વચ્ચે પાણીની અંદરની ટનલ મારફતે થતી તમામ અવરજવરને અટકાવી હતી. યુએસ જિયોલોજિકલ સરવે અનુસાર ૭.૦ તીવ્રતાવાળા આ ભૂકંપ બાદ કેલિફોર્નિયામાં ઓછામાં ઓછા ૫.૩ મિલિયન લોકો સામે સુનામીનું જોખમ સર્જાયું હતું.

### મોટા દેશોને આપણી આઝાદી ગમતી નથીઃ યુનુસની શેખી

। (એજન્સી) ઢાકા, તા.૬ ।

બાંગ્લાદેશના વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસ તેમના દેશમાં હિન્દુઓ પર થઇ રહેલા અત્યાચાર મામલે ચારેબાજુથી ઘેરાયા છે. જોકે હવે તેઓ શેખી મારી રહ્યા છે. મુહમ્મદ યુનુસે તેમના વહીવટીતંત્રને સત્તામાં લાવવા માટે કરાયેલો બળવો યોગ્ય હતો તેવી તેમની માન્યતાને નહિ માનવાની ''મોટા દેશો'' દ્વારા ચાલી રહેલી સંકલિત ''ઝુંબેશ''ને ખાળવા માટે રાષ્ટ્રીય એકતાની વિનંતી કરી છે. જોકે યુનુસે એમ કહેતી વખતે કોઇ પણ દેશનું નામ આપવાનું ટાળ્યું હતું. પરંતુ ભારત સાથે વધી રહેલી તંગદિલીનો આડકતરો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે મોટા દેશોને આપણી આઝાદી ગમતી નથી અને તેથી તેઓ નવી સરકાર અંગે ખોટી માહિતી ફેલાવવામાં કથિતરીતે સામેલ છે. તેમની મીટિંગમાં વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ હાજર હતા. આ મીટિંગમાં ત્રણ મહત્વના મુદાઓ પર રાજકીય નેતાઓના અભિપ્રાયો માગ્યા હતા. જેમાં ભારત અને વિશ્વના અન્ય ભાગોમાં ચાલી રહેલા કથિત પ્રોપેગેન્ડા, અગરતલામાં બાંગ્લાદેશી મિશન પર હુમલા તેમજ દેશમાં લઘુમતિઓ પર

### ઉત્તર પ્રદેશમાં ઝાડ સાથે અથડાતા બેકાબૂ કાર ખીણમાં ખાબકી, ૬નાં દર્દનાક મોત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ઉત્તર પ્રદેશના પીલીભીતમાં એક ભયાનક રોડ અકસ્માત સર્જાયો છે. એક સ્પીડમાં આવતી કારે કાબુ ગુમાવ્યો અને ઝાડ સાથે અથડાઈને ખીણમાં ખાબકી હતી. આ કારમાં ૧૧ લોકો સવાર હતા. જેમાંથી ૬ના મોત થયા છે અને ૫ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માત બાદ ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.અહેવાલો અનુસાર, કારમાં સવાર લોકો લગ્ન સમારોહમાંથી પરત ફરી રહ્યા હતા. કારમાં સવાર તમામ ઉત્તરાખંડના રહેવાસી હતા. અકસ્માતની માહિતી મળતાં પીલીભીતના ન્યુરિયા પોલીસ સ્ટેશનની પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને સ્થાનિક લોકોની મદદથી કારને ખાડામાંથી બહાર કાઢી હતી. આ દરમિયાન જેસીબીની પણ મદદ લેવી પડી હતી. ગુરુવારે (પાંચમી ડિસેમ્બર) રાત્રે ફુલ સ્પીડ કાર ટનકપુર હાઈવે પર અચાનક એક ઝાડ સાથે અથડાઈ અને ખીણમાં પડી અને પલટી ગઈ.



નવી દિલ્હીમાં સંસદ ભવન ખાતે ડો. બાબાસાહેબ આંબેડકરના મહાપરિનિર્વાણ દિવસના અવસરે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર અને અન્ય મહાનુભાવો સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ હાજર રહ્યા હતા.

### હથિયારનો ઓનલાઈન ઓર્ડર, પિસ્તોલ અને તમંચાની હોમ ડિલિવરી

। (એજન્સી) આઝમગઢ, તા.૬ ।

ઉત્તર પ્રદેશના આઝમગઢમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં ઓનલાઈન ડિમાન્ડ પર ગેરકાયદેસર હથિયારો બનાવવામાં આવી રહ્યા છે. એટલું જ નહીં આ હથિયારોની હોમ ડિલિવરી પણ કરવામાં આવી રહી હતી. માહિતીના આધારે, જ્યારે પોલીસે દરોડો પાડ્યો ત્યારે સ્થળ પરથી ઘણા તૈયાર, અર્ધ-તૈયાર હથિયારો અને કારતુસ મળી આવ્યા હતા. હાલ આ કેસમાં હિસ્ટ્રીશીટર સહિત ૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ અંગે આઝમગઢના એસપી હેમરાજ મીનાએ જણાવ્યું કે, લાયસન્સ ધરાવતા હથિયાર ધારકોએ પણ આ લોકો પાસેથી ખરીદી કરી હતી. તેમની ઓળખ કરવામાં આવી રહી છે. તપાસ બાદ કાર્યવાહી કરવામાં આવશે. ગત રાત્રે પાડવામાં આવેલા દરોડામાં હાલ ૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે. સિધરી પોલીસ અને સ્વાટ ટીમની સંયુક્ત કાર્યવાહીમાં આ ગેરકાયદેસર હથિયાર બનાવવાની ફેક્ટરીનો પર્દાફાશ થયો છે.

#### બીજી ટેસ્ટમાં મિચેલ માર્શ બોલિંગ કરે તેવી આશા

### ભારતીય ટીમમાં બુમરાહ-કોહલી સિવાય પણ સ્ટાર ખેલાડીઓ છેઃ નાથન લાયન

#### ભારતીય ટીમના ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિન પ્રથમ ટેસ્ટમાં પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મેળવી શક્યો નહતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ભારતીય ટીમમાં ઘણા મહારાથીઓ છે અને ઓસ્ટ્રેલિયાનું ધ્યાન ફક્ત બુમરાહ કે કોહલી પુરતું સિમિત નથી તેમ ઓસી. ટીમના સ્પિનર નાથન લાયને જણાવ્યું હતું. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૬ ડિસેમ્બરથી એડિલેડમાં બીજી ટેસ્ટ મેચ રમાશે. ભારતે પર્થ ટેસ્ટમાં વિજય મેળવવાની સાથે સિરીઝમાં ૧-૦ની સરસાઈ મેળવી લીધી છે. ઓસ્ટ્રેલિયન ટીમ છેલ્લા ૧૦ વર્ષથી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ભારતને હરાવી શક્યું નથી જેથી આ વખતે તેના માટે કરો યા મરોનો જંગ છે. બીજીતરફ ભારત વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલમાં પ્રવેશવાની હેટ્રિક લગાવવા આતુર છે. પ્રથમ ટેસ્ટમાં ભારતના શાનદાર પ્રદર્શનમાં ઉપયોગી યોગદાન આપનાર જસપ્રીત બુમરાહ



અને વિરાટ કોહલી સૌથી વધુ ચર્ચામાં રહ્યા હતા. લાયને પિન્ક બોલ ટેસ્ટ અગાઉ જણાવ્યું કે, ભારતીય ટીમમાં અનેક સુપરસ્ટાર ખેલાડીઓ છે. ક્રિકેટ એક ટીમ રમત છે જેમાં વિજય માટે દરેક ખેલાડીએ સારું રમવું પડે છે. ભારત પાસે બુમરાહ ઉપરાંત અન્ય સારા ખેલાડી પણ છે. આ ફક્ત મહારથીઓ પુરતું સિમિત નથી. ભારતની ટીમના અન્ય ખેલાડીઓ પણ પ્રતિભાશાળી છે. ઓસ્ટ્રેલિયન ટીમ ફક્ત એકાદ-બે પ્લેયર પર ધ્યાન આપશે નહીં.

### જોધપુરમાં ઘરઘાટી વૃદ્ધાના ૨.૬૦ લાખના દાગીના ચોરી ફરાર થયો

। (એજન્સી) જોધપુર, તા.૬ ।

સેટેલાઈટના પરિવાર સાથે જ સર્વન્ટ રૂમમાં રહેતો ઘરઘાટી વૃદ્ધાના દાગીના ચોરી ગયો હતો. વેપારીની માતા પોતાના બીજા દીકરાના ઘરે ગયા હતા. જ્યાંથી પરત ફર્યા અને પોતાની બેગ પલંગ પર મૂકીને પૌત્રને મળવા ગયા ત્યારે ઘરઘાટી કારીગરી કરીને ફરાર થઈ ગયો હતો. ઘરઘાટી ઘણા સમયથી વેપારીના પરિવારનું કામ કરતો હતો અને સર્વન્ટ રૂમમાં રહેતો હતો. જોધપુર ખાતેના વિનસ આઈવીમાં રહેતા રિતેશ સિરોહિયાએ સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ઘરઘાટી શંભુસિંહ તંવર વિરુદ્ધ ૨.૬૦ લાખના દાગીનાની ચોરીની ફરિયાદ કરી છે. રિતેશ સિરોહિયા સ્ટીલના વેપારી છે અને પત્ની પ્રિયંકાબહેન, દીકરો અને માતા સાથે રહે છે. રિતેશ સિરોહિયાના ઘરે શંભુસિંહ તંવર ઘરઘાટી તરીકે કામ કરતો હતો અને ઘરમાં બનાવેલ સર્વન્ટ રૂમમાં રહેતો હતો.

### ૩૩ વર્ષ સુધી જમીનનું વળતર ન ચૂકવવું અયોગ્ય, સરકાર પર ભડકી સુપ્રીમ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

સરકાર દ્વારા જમીન સંપાદન પછી અનેક વર્ષો સુધી વળતર નહીં આપવા પર સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. કોર્ટે જણાવ્યું હતું કે કોઇ પણ સરકાર વળતર રોકી ન શકે.સુપ્રીમ કોર્ટે કર્ણાટક સરકારને જણાવ્યું છે કે તે ૧૯૮૬ માં સંપાદિત કરવામાં આવેલ જમીનને વર્તમાન બજાર મૂલ્ય પર ચુકવણી કરે. ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ ઉજ્જલ ભુઇયાની ખંડપીઠ વરિષ્ઠ વકીલ આનંદ સંજય એમ નૂલીની અરજી પર સુનાવણી કરી રહી હતી. નૂલી જમીન માલિક જયલક્ષ્મમ્મા અને અન્યની તરફથી હાજર રહ્યાં હતાં. આ જમીનની લગભગ બે એકર જમીન વિજયનગર લેઆઉટના નિર્માણ માટે મૈસૂરના હિંકલ ગામમાં સંપાદિત કરવામાં આવેલી જમીનનો મોટો હિસ્સો છે. અંતિમ સંપાદન નોટિફિકેશન માર્ચ, ૧૯૮૪માં જારી કરવામાં આવ્યું હતું. નૂલીએ કહ્યું હતું કે અંતિમ નોટિફિકેશન જારી કરવામાં આવ્યા છતાં પ્રતિવાદીઓએ અરજકર્તાઓને અંધારામાં રાખ્યા હતાં. વકીલે જણાવ્યું હતું કે જમીન પર કબજો ન કરાયો, ન વળતર જમા કરાવવામાં આવ્યું અને ન ચુકવણી કરવામાં આવી. જમીન, તમામ સ્થાયી સંરચનાઓની સાથે આજ સુધી અરજકર્તાઓના કબજામાં છે અને તે આ સંપત્તિઓના સંબધમાં ટેક્સ, વીજળી બિલની ચુકવણી કરી રહ્યાં છે. ખંડપીઠે જણાવ્યું હતું કે ૨૧એપ્રિલ, ૧૯૮૬ના રોજ જારી થયેલ આદેશ કર્ણાટક સરકારને યોગ્ય અને ન્યાયસંગત વળતર આપવાથી મુક્ત કરતો નથી. વળતર આપવાનો ઈનકાર કરવો કલમ ૩૦૦ એ (સંપત્તિના અધિકાર)નો ભંગ છે.અધિકારી ૩૩ વર્ષથી વધુ સમય સુધી વળતરની ચુકવણી રોકી રાખવાના કોઈ પણ કારણ તથ્યામક અથવા કાયદાકીય રીતે બતાવવામાં નિષ્ફળ રહ્યાં છે. જો કે કોર્ટે જણાવ્યું હતું કે વિજયનગરની સ્થાપના માટે વિશાળ જમીનની વચ્ચે જમીનનો એક નાનો ટુકડો અલગ કરવો ન તો મૂળભૂત સુવિધાઓના વિકાસમાં હિત હશે અને ન તો જમીન માલિકના હિતમાં હશે.

#### એસએમઇના વિકાસ માટે રશિયા-ભારત સહકાર પર ભાર મૂક્યો

## પુતિને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની 'મેક ઇન ઇન્ડિયા' પહેલની પ્રશંસા કરી

#### મોસ્કોમાં વીટીબી રશિયા કોલિંગ ઇન્વેસ્ટમેન્ટ ફોરમમાં પુતિને ભારતમાં મેન્યુફેક્ચરિંગ ઓપરેશન્સ સ્થાપિત કરવાની ઇચ્છા વ્યક્ત કરી હતી

। (એજન્સી) મોસ્કો, તા.૬ ।

રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ૧૫મી વીટીબી રશિયા કોલિંગ ઇન્વેસ્ટમેન્ટ ફોરમમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની ''ઇન્ડિયા-ફર્સ્ટ'' નીતિ અને ''મેક ઈન ઈન્ડિયા'' પહેલની પ્રશંસા કરી હતી. રાષ્ટ્રપતિ પુતિને વૃદ્ધિ માટે સ્થિર વાતાવરણને પ્રોત્સાહન આપવાનાં ભારતનાં પ્રયાસોનો સ્વીકાર કર્યો હતો અને આ નીતિઓએ કેવી રીતે ભારતનાં વિકાસમાં પ્રદાન કર્યું છે એ વાત પર ભાર મૂક્યો હતો. પુતિને ભારપૂર્વક જણાવ્યું હતું કે ઉત્પાદનને વેગ આપવા અને વિદેશી રોકાણને આકર્ષવાનાં ઉદ્દેશ સાથે ''મેક ઈન ઈન્ડિયા'' પહેલે વૈશ્વિક અર્થતંત્રમાં ભારતની સ્થિતિને મજબૂત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. રાષ્ટ્રપતિ પુતિનની ટિપ્પણી પીએમ મોદીના



નેતૃત્વમાં ભારતની આર્થિક પ્રગતિને રેખાંકિત કરે છે. તેમણે ભારત સરકાર અને નાના અને મધ્યમ કદના ઉદ્યોગો (એસએમઇ) માટે ''સ્થિર પરિસ્થિતિઓ'' ઊભી કરવાના તેના પ્રયાસોની પ્રશંસા કરી હતી, ખાસ કરીને ''મેક ઈન ઈન્ડિયા'' કાર્યક્રમ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની આર્થિક પહેલો પર પ્રકાશ પાડ્યો હતો. પુતિને રશિયાની આયાત અવેજી કાર્યક્રમ અને ભારતની ''મેક ઈન ઈન્ડિયા'' પહેલ વચ્ચે સમાનતા દર્શાવી હતી અને ભારતમાં ઉત્પાદન કામગીરીઓ સ્થાપિત કરવાની રશિયાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેમણે વધુમાં કહ્યું હતું કે, ભારતમાં રોકાણ નફાકારક છે. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે ભારતના નેતૃત્વએ તેના રાષ્ટ્રીય હિતોને પ્રાધાન્ય આપવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તેમણે કહ્યું હતું કે, ''પ્રધાનમંત્રી મોદીનો મેક ઈન ઈન્ડિયા નામનો આ જ પ્રકારનો કાર્યક્રમ છે. અમે ભારતમાં અમારા મેન્યુફેક્ચરિંગ ઓપરેશન્સ સ્થાપિત કરવા માટે પણ તૈયાર છીએ. પ્રધાનમંત્રીના નેતૃત્વ હેઠળની ભારત સરકાર સ્થિર પરિસ્થિતિઓનું નિર્માણ કરી રહી છે, જે ભારતને પ્રથમ રાખવાની નીતિથી પ્રેરિત છે.

#### ભાવુક દૃશ્યો જોવા મળ્યા

### સચિન તેંડુલકર-વિનોદ કાંબલી વચ્ચે મુલાકાત વીડિયો વાયરલ

#### કાંબલીની કારકિર્દીમાં શાનદાર શરૂઆત બાદ ૧૦૪ ODI મેચ સિવાય માત્ર ૧૭ ટેસ્ટ રમી હતી

। (એજન્સી) મુંબઈ, તા.૬ ।

દિવંગત ક્રિકેટ કોચ રમાકાંત આચરેકરના બે પ્રખ્યાત શિષ્યો સચિન તેંડુલકર અને વિનોદ કાંબલી ગઈકાલે એટલે કે મુંબઈમાં તેમના જન્મદિવસ પર તેમના કોચના સ્મારકના અનાવરણ દરમિયાન મળ્યા હતા. આ દરમિયાન તેંડુલકર અને કાંબલીએ એકબીજા સાથે હાથ મિલાવ્યા છે. બેસ્ટ ફ્રેન્ડ વિનોદ કાંબલીની હાલત જોઈને સચિન તેંડુલકર હેરાન રહી ગયો હતો. આ મુલાકાતનો વીડિયો સોશિયલ મીડિયમાં વાઈરલ થયો છે. સચિન સ્ટેજ પર આવતાની સાથે જ કાંબલીની આવી નબળી હાલત જોઈને હેરાન અને આશ્ચર્યચકિત થઈ જાય છે. તેંડુલકર તેની પાસે ગયો અને થોડીવાર વાત કરી. આ પછી સચિન જ્યારે પોતાની સીટ પર બેસવા ગયો, ત્યારે કાંબલી તેનો હાથ છોડતો નહોતો. મુંબઈના બન્ને સ્ટાર્સનો એકસાથે આવતા વીડિયો ફરી વાઈરલ થયો હતો, પરંતુ પ્રશંસકો પોતાને એ વિચારવાથી રોકી શક્યા નહોતા કે વિનોદ કાંબલીની તબિયત સારી છે કે નહીં. વીડિયોમાં કાંબલી એકદમ બીમાર દેખાઈ રહ્યો છે. તેની હાલત જોઈને લોકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા. આ વીડિયો પર એવી કમેન્ટ કરવામાં આવી હતી કે, IPL કાંબલીના સમયમાં પણ થવી જોઈતી હતી. વાઈરલ વીડિયોમાં જોઈ શકાય છે કે, તેંડુલકર કાંબલી પાસે પહોંચે છે અને બંને હાથ મિલાવે છે.વિનોદ કાંબલી લાંબા સમયથી સ્વાસ્થ્ય સમસ્યાઓથી ઝઝૂમી રહ્યો છે.

## રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગનાં ઉપાધ્યક્ષ અંજના પંવારની અધ્યક્ષતામાં સફાઈ કર્મચારીઓના વિવિધ પ્રશ્નો બાબતે અમદાવાદમાં બેઠક યોજાઈ

। (એજન્સી) અમદાવાદ ।

સામાજિક ન્યાય અને અધિકાર મંત્રાલય હેઠળના રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના ઉપાધ્યક્ષ શ્રીમતી અંજના પંવારના અધ્યક્ષસ્થાને એનેક્ષી, શાહીબાગ ખાતે સફાઈ કર્મચારીઓના વિવિધ પ્રશ્નો બાબતે અમદાવાદ વહીવટી તંત્ર સાથે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મિટિંગમાં સફાઈ કર્મચારી આયોગના ઉપાધ્યક્ષ શ્રીમતી અંજના પંવારે કહ્યું હતું કે, સફાઈ કામદારોના પુનર્વાસ સાથે તેમનું શૈક્ષણિક, આર્થિક અને સામાજિક ઉત્થાન થાય તે પણ જોવું જરૂરી છે.



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સફાઈ કામદારો પ્રત્યેની સંવેદનશીલતાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રી દ્વારા તેમના કાર્યકાળમાં સૌપ્રથમ સ્વચ્છ ભારત મિશન સાથે સફાઈ કામદારો પ્રત્યેની સંવેદનશીલતા ઉપર કામ કરવામાં આવ્યું હતું. કોરોના જેવી વૈશ્વિક મહામારીમાં પણ પોતાના જીવની પરવા કર્યા વિના સતત કાર્યરત રહેલા સફાઈ કામદારોનું સન્માન જળવાઈ રહે અને તેમને તેમના હક મળી રહે તે જોવું જરૂરી છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

સફાઈ કામદાર આયોગના ઉપાધ્યક્ષ શ્રીમતી અંજના પંવાર દ્વારા આ મિટિંગમાં વિવિધ સફાઈ કર્મચારી મંડળોના પ્રશ્નોને શાંતિથી અને વિગતવાર સાંભળવામાં આવ્યા હતા. તેમણે સફાઈ કર્મચારીઓના પ્રશ્નો જેવા કે, તેમના પગાર, ભથ્થાં, નિયમિત આરોગ્ય ચેકઅપ, શિક્ષણ, આવાસ, લઘુતમ વેતન, પેન્શન, વારસદાર પોલિસી, નોકરી બાબતની પોલિસી, પીએફ, આશ્રિતોના પુનર્વાસ માટેના પ્રયાસો, કોન્ટ્રાક્ટ પ્રથાને લખતા અલગ અલગ મુદ્દા, ગટર સફાઈ દરમિયાન થતા સફાઈ કામદારોના મૃત્યુ જેવી સંવેદનશીલ બાબત, મેન્યુઅલ સ્કેવેંજિંગ એક્ટ વગેરે જેવા વિવિધ મુદ્દાઓ અંગેની સમસ્યાઓ સાંભળી હતી. આ તમામ સમસ્યાઓનો ત્વરિત નિકાલ આવે તે માટે ઉપાધ્યક્ષ શ્રીમતી અંજના પંવારે અમદાવાદ જિલ્લા વહીવટી તંત્રના લાગુ પડતા અધિકારીઓ સાથે વાત કરીને આ તમામ સમસ્યાઓનું સકારાત્મક સમાધાન લાવવા અને તેનો એક્શન ટેકન રિપોર્ટ સમયમર્યાદામાં સફાઈ કર્મચારી આયોગને મોકલી આપવા જણાવ્યું હતું. શ્રીમતી અંજના પંવારે વર્ષમાં બે વખત સફાઈ કામદારોનું બોડી ચેકઅપ થાય, તેમનું ગ્રૂપ ઈન્શ્યોરન્સ બને, અટલ પેન્શન યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ યોજના જેવી વિવિધ યોજનાઓની જાણકારી તેમને મળે અને સૌ સફાઈ કર્મચારી તે યોજનાઓનો લાભ લેતા થાય તે માટે જાગૃતતા કાર્યક્રમોનું આયોજન કરવા પણ જણાવ્યું હતું.

સફાઈ કામદારો માટે બનતા આવાસોમાં સારી સુવિધાઓ હોય અને આ આવાસો રહેવાલાયક તથા સારી જગ્યાએ બનેલા હોય, તેમ જ, ખરાબ પરિસ્થિતિમાં રહેલા આવાસોનું જલ્દીથી રીડેવલપમેન્ટ કરવામાં આવે તે જોવા પણ જણાવ્યું હતું. સાથે જ, સફાઈ કામદારોની નિવૃત્તિની તમામ પ્રક્રિયાઓ શરૂ કરીને તેની માટે જરૂરી દસ્તાવેજો મેળવી, તેમાં થતા સુધારા-વધારા છ મહિનાની સમય મર્યાદામાં કરીને સફાઈ કામદારોની નિવૃત્તિના દિવસે તેમને માનભેર વિદાય આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવા માટે પણ જણાવ્યું હતું. વધુમાં, શ્રીમતી અંજના પંવારે મેન્યુઅલ્ સ્કેવેંજિંગ એક્ટનો વધુમાં વધુ પ્રચાર પ્રસાર કરવા માટે અમદાવાદ જિલ્લા વહીવટી તંત્રને સૂચન કર્યું હતું. મેન્યુઅલ્ સ્કેવેંજિંગ એક્ટના બહોડા પ્રચાર-પ્રસારથી લોકોને જાગૃત કરવામાં આવે જેથી સફાઈ કામદારોને ખોટી પ્રક્રિયાનો ભોગ બનતા અટકાવી શકાય. આ મિટિંગમાં અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. થેન્નારસન, અમદાવાદ જિલ્લા કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે., અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી જી. એસ. મલિક, અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, અમદાવાદ જિલ્લા પ્રાદેશિક નિયામકશ્રી, અમદાવાદ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી (ગ્રામ્ય), અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને અમદાવાદ જિલ્લા પંચાયતના વિવિધ વિભાગના અધિકારીઓ, વિવિધ સફાઈ કર્મચારી મંડળોના પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં સફાઈ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**ન્યૂઝ બ્રિફ**

## વસ્ત્રાલ-થલતેજ વચ્ચે દોડતી મેટ્રો થલતેજ ગામ સુધી જશે

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

અમદાવાદમાં મેટ્રો ટ્રેનના મુસાફરો માટે આનંદના સમાચાર આવ્યા છે. ખાસ કરીને થલતેજ ગામથી અને થલતેજ સુધી મુસાફરી કરવા માગતા નોકરિયાત વર્ગ માટે મેટ્રો વિભાગે રાહતના સમાચાર આપ્યા છે. હવે આગામી શનિવારેથી વસ્ત્રાલ – થલતેજ વચ્ચે દોડતી મેટ્રો છેક થલતેજ ગામ સુધી જશે. અત્યાર સુધી આ રૂટ પરની મેટ્રો થલતેજ ચાર રસ્તાથી વસ્ત્રાલ જતી હતી જેને કારણે થલતેજ ગામમાંથી અને થલતેજ ગામ સુધી અપડાઉન કરતા લોકોને એસજી હાઈવે પર થલતેજ ચાર રસ્તા પર બનેલા સ્ટેશનેથી બેસવું પડતું હતું અને ત્યાં જ ઉતરવું પડતું હતું. પરંતુ હવે જેઓ થલતેજ ગામ સુધી જવા માગે છે તેમને આગામી શનિવારથી આ સુવિધા ઉપલબ્ધ થશે. આ સાથે ગુજરાત મેટ્રો રેલ સત્તામંડળ દ્વારા શહેરની તમામ મેટ્રો સેવા માટેનું ટાઈમ ટેબલ પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે.

## સરદાર સરોવર યોજનાના અસરગ્રસ્તોનો અનોખો વિરોધ

। (એજન્સી) નર્મદા, તા.૬ ।

સરદાર સરોવર યોજનાના અસગ્રસ્તોના પડતર પ્રશ્નો અને માગણીઓનો ઉકેલ ન આવતા બે લોકોએ અનોખો વિરોધ કર્યો હતો. હકીકતમાં, નર્મદા જિલ્લાના નવાગામ લીમડી અને ચિચડીયાના બે વ્યક્તિએ મોબાઈલ ટાવર પર ચડી જઈને વિરોધ વ્યક્ત કર્યો હતો. જેમાં એક મહિલા અને યુવકનો સમાવેશ થાય છે. આ ઘટનાને પગલે પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને તંત્રનો જીવ તાળવે ચોંટી ગયો હતો. મળતી માહિતી મુજબ, ઘણાં લાંબા સમયથી આ સરદાર સરોવર યોજનાના અસરગ્રસ્તોના પડતર પ્રશ્નોનો ઉકેલ આવી રહ્યો નથી. તેમના પ્રશ્નો અને માગણીને માળિયે ચડાવી દેવામાં આવી છે. જેથી બે અસરગ્રસ્ત દિનેશ તડવી (ચિચડીયા) અને બબીતા તડવી (નવાગામ લીમડી) બંને એકતાનગરના મોબાઈલ ટાવર પર ચડી ગયા હતા અને અનોખી રીતે પોતાની માગણીઓ રજૂ કરી હતી.

## ૭ અને ૮ ડિસેમ્બરના રોજ દહેગામ યાર્ડ સ્થિત રેલવે ક્રોસિંગ નં. 28 B બંધ રહેશે

। અમદાવાદ, તા.૬ ।

પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝનના નાંદોલ દહેગામ-રખિયાલ સેક્શનમાં સ્થિત રેલ્વે ક્રોસિંગ નંબર 28 B કિમી ૩૮૦/૬-૭, તા. ૦૭ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ સવારે ૦૯:૦૦ વાગ્યા થી ૦૮ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ રાત્રે ૧૯:૦૦ વાગ્યા સુધી રહેશે (૨ દિવસ) સુધી બંધ છે. રોડ યુઝર્સ આ સમયગાળા દરમિયાન (RUB) અંડરપાસ 20 A ચિલોડા-ગાંધીનગર હાઈવે દ્વારા મુસાફરી કરી શકે છે.

### કૃષિ વૈજ્ઞાનિકોએ ખેડૂતોને સચોટ માર્ગદર્શન પુરૂ પાડ્યું

# આહવા, વઘઈ અને સુબીર તાલુકામાં રવિ કૃષિ મહોત્સવ ૨૦૨૪નો પ્રારંભ

। (એજન્સી) આહવા, તા.૬ ।

ગુજરાત રાજ્યમાં ખેતીના ઉત્પાદનને વધારવા, નવીન તકનીકો ખેડૂત સુધી પહોંચાડવા અને ખેતી ખર્ચ ઘટાડી ખેડૂતોની આવક વધારવા રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વર્ષ ૨૦૦૬-૦૬ માં કૃષિ મહોત્સવની શરૂઆત કરવામાં આવી હતી. જે રવિ કૃષિ મહોત્સવ ૨૦૨૪ ની ડાંગ જિલ્લાના આહવા, વઘઈ અને સુબીર તાલુકામાં ઉજવણી કરવામાં આવી હતી. ડાંગ જિલ્લાને પ્રાકૃતિક જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે. અને સરકાર દ્વારા ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ પ્રેરાય તે




માટે વિવિધ કાર્યક્રમો યોજી ખેડુતોને ખેતીની જાણકારી આપવામાં આવે છે તેમજ વિવિધ યોજનાકીય સહાય આપવામાં આવે છે ત્યારે તેનો લાભ લેવાં, આહવા ખાતે રવિ કૃષિ મહોત્સવમાં ઉપસ્થિત કાર્યક્રમના અધ્યક્ષ તેમજ આહવા તાલુકા પંચાયત પ્રમુખ સુરેશ ચૌધરીએ ખેડુતોને અપીલ કરી હતી. સાથે જ દરેક લોકો ખેતી સાથે જોડાઈ પ્રાકૃતિક ખેતી કરે તે માટે ખેડુતોને આહવાન કર્યું હતું. રવિ પાક માટે આધુનિક કૃષિની તાંત્રિક મંજુરી મળી રહે તે માટે કૃષિ લક્ષી યોજનાઓ અને પ્રાકૃતિક કૃષિની જાણકારી મળી રહે તે માટે સરકાર દ્વારા છેલ્લા ૨૦ વર્ષ થી રવિ કૃષિ મહોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે, તેમ ડાંગ જિલ્લા પંચાયતના નાયબ જિલ્લા ખેતીવાડી અધિકારી બાલુ પટેલે પોતાના પ્રાસંગિક વક્તવ્યમાં જણાવ્યું હતું. કૃષિ વૈજ્ઞાનિક પ્રતીક પી જાવીયાએ મિલેટ્સના પાકો વિશે જાણકારી આપી હતી. ડાંગનું પ્રખ્યાત મિલેટ્સ નાગલી (રાગી) ની ખેતીમાં વધારો કરી તેનું મહત્વ વધારવા અને મિલેટ્સના ઉપયોગ થી ખેડૂતની આર્થિક પરિસ્થિતિમાં સુધારો થાય તે માટે પ્રયત્ન કરવા ખેડૂતોને જણાવ્યું હતું. ખેતી વિશે સાચી જાણકારી મેળવી વૈજ્ઞાનિક પદ્ધતિ અપનાવી ખેતી કરવા કૃષિ વૈજ્ઞાનિક જીગ્નેશ ડોબરીયાએ જણાવ્યું હતું. પ્રાકૃતિક ખેતી કરનાર ભુરાપાણી ગામના પ્રગતિશીલ ખેડૂત યશવંતભાઈ સહારેએ પ્રાકૃતિક ખેતીના ફાયદા તેમજ પ્રાકૃતિક ખેતીના પાંચ આયમ વિશે વિસ્તાર પૂર્વક માહિતી આપી ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા અપીલ કરી હતી.

# પૂર્વ કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે દસક્રોઈ તાલુકામાં રવિ કૃષિ મહોત્સવનો શુભારંભ થયો

### અમદાવાદ જિલ્લાના બાવળા, દસક્રોઈ, દેત્રોજ, ધંધુકા, ધોલેરા, ધોળકા, માંડલ, સાણંદ, વિરમગામમાં તાલુકા કક્ષાના બે દિવસીય રવી કૃષિ મહોત્સવ -૨૦૨૪નો પ્રારંભ

। અમદાવાદ, તા.૬ ।

ખેડૂતોને રવી સીઝનમાં રવી પાક વિષે તેમજ આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન અને ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગેની સમજ મળી રહે, તે હેતુસર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દાંતીવાડા ખાતેથી રાજ્યભરમાં બે દિવસીય રવી કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો છે. જેના ભાગરૂપે અમદાવાદ જિલ્લાના બાવળા, દસક્રોઈ, દેત્રોજ, ધંધુકા, ધોલેરા, ધોળકા, માંડલ, સાણંદ, વિરમગામમાં તાલુકા કક્ષાના બે દિવસીય રવી કૃષિ મહોત્સવનો વિવિધ મહાનુભાવોના હસ્તે પ્રારંભ થયો છે. અમદાવાદ જિલ્લાના દસક્રોઈ ખાતે ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી હોલ ખાતે આયોજિત રવિ કૃષિ મહોત્સવનો પૂર્વ કેબિનેટ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે શુભારંભ થયો છે. આ અવસરે પૂર્વ કેબિનેટ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, ખેતી એ આપણી ધરોહર અને આપણી સંસ્કૃતિ છે. ત્યારે રાજયના ખેડૂતોને રવી સીઝનમાં રવી પાકો વિશે આધુનિક કૃષિ અને ટેકનોલોજી અંગે માર્ગદર્શન તેમજ ખેડુતલક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગેની સમજ મળી રહે તે હેતુસર રાજ્યના તમામ તાલુકાઓમાં રાજ્ય સરકાર દ્વારા રવી કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી તેઓ



ખેડૂતોની આવક ડબલ કરવા માટે પ્રયત્નશીલ છે. આપણે સૌએ એક વાત સ્વીકારવી જ પડશે કે ખેતી આબાદ તો દેશ આબાદ ત્યારે સરકાર દ્વારા ખેતી અને અને ખેડૂતોના કલ્યાણ અર્થે વિવિધ યોજનાઓ થકી કામગીરી કરવામાં આવી રહી છે. સરકાર ખેડૂતોને પાણી, ખાતર ટેકાના ભાવ બજાર વગેરેની સાથે વિવિધ સહાય અને સબસીડી આપે છે. વધુમાં શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા એ સારા સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક કૃષિ પર ભાર મૂકતાં આરોગ્યપ્રદ ખેત પ્રણાલી અને ખોરાક પદ્ધતિ અપનાવવા જણાવ્યું હતું. આ રવી કૃષિ મહોત્સવમાં તજજ્ઞો દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તથા શ્રી અન્ન વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. રવિ કૃષિ મહોત્સવમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે તાલુકાના શ્રેષ્ઠ આત્મા ખેડૂત અને શ્રેષ્ઠ પશુપાલકોને એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# પ્રાકૃતિક પદાર્થો અને પોષક તત્વોથી સભર ખાન-પાનની ટેવ અનુસરવી જોઈએ : મુખ્યમંત્રી

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દીનદયાળ શોધ સંસ્થાન અને ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત 'પોષણ ઉત્સવ'નો શુભારંભ કરાવ્યો

। અમદાવાદ, તા.૬ ।

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, કુદરતે આપેલા પ્રાકૃતિક પદાર્થો અને પોષક તત્વોથી સભર ખાન-પાનની ટેવ અનુસરવી જોઈએ. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'બેક ટુ બેઝિક'નો જે મંત્ર આપ્યો છે તે આપણને ભારતની ભાતીગળ ભોજન પ્રથાઓ અને વ્યંજનો તરફ ફરી કેન્દ્રિત થવાનું દિશાસૂચન કરે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દીનદયાળ શોધ સંસ્થાન અને ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'ક્ષેત્રીય પોષણ ઉત્સવ'નો પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીના હસ્તે 'પોષણ ઉત્સવ- કોફી ટેબલ પુસ્તક'નું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. આ પુસ્તક પોષણની ભારતીય પરંપરા વિષય પર તૈયાર કરાયું છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી એ આપણને ઝીણી ઝીણી બાબતોનું ધ્યાન રાખવાનું માર્ગદર્શન હંમેશા આપ્યું છે. સ્વચ્છતા અભિયાન, હર ઘર શૌચાલય, સૌર ઊર્જાનો કાર્યક્ષમ ઉપયોગ, કેચ ધી રેન - જળ સંચય, 'એક પેડ મા કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ, શ્રી અન્નનો ભોજનમાં સમાવેશ જેવી નાની છતા ખૂબ જ અસરકારક અને અગત્યની બાબતો પર દેશનું દિશાદર્શન તેમણે કર્યું છે. મુખ્યમંત્રીશ્રીએ પરંપરાગત ભોજન



વિજ્ઞાન અને ભારતીય વ્યંજનોનું મહત્વ સમજાવતા કહ્યું કે, ચોમાસા દરમિયાન ઉપવાસ કરવાની વાત દરેક ધર્મમાં કહેવાઈ છે. વર્ષા ઋતુમાં પાચનશક્તિ મંદ હોય છે ત્યારે ઉણોદરી - મીતાહાર પણ એટલો જ જરૂરી છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ભારતીય સંસ્કૃતિ આપણને ઋતુ પ્રમાણેનું આહાર લેવાનું શીખવે છે, સ્વાદ માટે નહીં પરંતુ પોષણ અને સ્વાસ્થ્ય માટે ભોજન લેવાની હિમાયત આપણી ધાર્મિક પરંપરાઓ અને તહેવારો કરે છે. તેમણે ઉમેર્યું કે, આપણા મંદિરો, ધાર્મિક પર્વમાં અપાતા પ્રસાદમાં પણ પોષણનું ધ્યાન રાખવામાં આવે છે.ભારતીય પરંપરાઓમાં ધર્મ અને વિજ્ઞાન એકબીજાના પૂરક બની સમાંતર ચાલતા હોવાનો આ પુરાવો છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વર્તમાન સમયમાં ભૌતિકતા ઉપર વધારે ભાર અપાય છે, સ્વાસ્થ્ય પર પૂરતું ધ્યાન અપાતું નથી.

### તફરજ બજાવી ઘરે પરત ફરતી વખતે બની ઘટના

# હીટ એન્ડ રનની ઘટનામાં મહિલા પોલીસ કર્મીનું મોત

### મોદી સ્ટેડિયમ ખાતે કાર્યક્રમમાં ફરજ બજાવી એક્ટિવા પર ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે અજાણ્યા કાર ચાલકે ટક્કર મારી

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

અમદાવાદ શહેરમાં સતત વધી રહેલા અકસ્માતોએ શહેરીજનોની ચિંતામાં વધારો કર્યો છે. ઓવરસ્પીડના દિવાના બેફામ ડ્રાઈવિંગ કરી અકસ્માત સર્જીને હાહાકાર મચાવી રહ્યા છે. પોલીસ તંત્ર નાઈટ કોમ્બિંગના નામે નાટકો કરી રહી છે. તો બીજી તરફ અમદાવાદમાં ધોળા દિવસે હિટ એન્ડ રનની ઘટનાઓ સામે આવી રહી છે. ત્યારે એવી ઘટના સર્જાઈ કે જેનાથી પોલીસબેડામાં શોક છવાઈ ગયો છે. મળતી માહિતી પ્રમાણે પોલીસ વિભાગમાં ફરજ બજાવતાં શારદાબેન ડાભી ડ્યૂટીનું હિત એન્ડ રનની ઘટનામાં મોત થયું છે, અસ્કમાતની જાણ થતાં પોલીસે ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ શહેરના રિવરફ્રન્ટ ડફનાળા પાસે આજે વહેલી સવારે હિટ એન્ડ રનની ઘટના સર્જાઇ હતી. જેમાં પોલીસ ખાતામાં ફરજ બજાવતાં શારદાબેન ડાભી નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે કાર્યક્રમમાં ફરજ બજાવી પોતાની એક્ટિવા પર ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે અજાણ્યા કાર ચાલકે તેમની એક્ટિવાને ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો.આ અકસ્માતમાં પોલીસકર્મી શારદાબેન ડાભીનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. અકસ્માતની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને તપાસ શરૂ કરી હતી. ગાંધીનગર જિલ્લાના હાઈવે માર્ગો ઉપર અકસ્માતોની ઘટનાઓ વધી રહી છે અને તેની સાથે હિટ એન્ડ રનમાં બનાવો પણ સતત વધતા જોવા મળ્યા છે. ત્યારે ગુરૂવારે સાંજે દહેગામના રખિયાલ મોડાસા રોડ ઉપર હિટ એન્ડ રનની ઘટનામાં મોપેડ સવાર વૃદ્ધનું મોત થયું હતું. જે સંદર્ભે રખિયાલ પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો દાખલ કરીને તેને પકડવા માટે દોડધામ શરૂ કરી છે. અમદાવાદમાં માલેતુજાર નબીરાઓ મધરાતે દારૂ પીને છાકટા બની જાય છે અને હિટ એન્ડ રનને અંજામ આપે છે. હમણાં જ બોપલના એક નબીરાને લોકોએ ફટકાર્યો પણ પોલીસે કાયદો-વ્યવસ્થાના નામે તેને રક્ષણ આપી સવારે કોર્ટમાં રજૂ કર્યો અને ક્ષણવારમાં જામીન પર છૂટી પણ ગયો. ભાજપના સંસ્કારી નેતાઓને આવી ઘટનાઓ સામાન્ય લાગે છે.

# અમદાવાદ મંડળ ખાતે મહાપરિનિર્વાણ દિવસ નિમિત્તે બાબાસાહેબ ડો. ભીમરાવ આંબેડકરને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી





। અમદાવાદ, તા.૬ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ માં ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરનો ૬૮મો મહાપરિનિર્વાણ દિવસ ૦૬ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ગૌરવપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. ભારતીય બંધારણના નિર્માતા ભારત રત્ન ડો.બાબાસાહેબ આંબેડકરને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. મંડળ રેલ પ્રબંધક અમદાવાદ શ્રી સુધીર કુમાર શર્મા અને તમામ વરિષ્ઠ અધિકારીઓએ મંડળ કાર્યાલય માં ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકરના ફોટાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી અને દીપ પ્રાગટ્ય કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

આ પ્રસંગે મંડળના રેલવે અધિકારીઓ, ટ્રેડ યુનિયનો, ઓબીસી એસોસીએશન અને એસસી/એસટી એસોસીએશન ના પ્રતિનિધિઓએ અને રેલ્વે કર્મચારીઓ એ આ કાર્યક્રમમાં ભાગ લઈને ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકરને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

